# સહજ-સત્સંગ

Year : 2 Issue : 24 Dt. 01-01-2015 Page - 52 માસિક



## વિજયી પ્રસ્થાન



## મા મીરાંબિકા

The aim of ordinary life is to carry out one's duty.
The aim of spiritual life is to realise and serve the Divine.

- The Mother

## જીવનનું ધ્યેય

સામાન્ય જીવનનું ધ્યેય ગણ્યું, કર્તવ્યનો નિભાવ,
પણ દિવ્યજીવનનું ધ્યેય છે, પ્રભુ પ્રાપ્તિ અને સેવા અપાર.
બન્ને ધ્યેય જુદાં નથી, એમ ગીતા જણાવે સાર,
માનવોમાં પ્રભુ દર્શન થએ, કર્તવ્ય બને યોગ વિનાભાર.
કર્તવ્ય જ પ્રભુ સેવા બને, ને પ્રભુ પ્રાપ્તિનું સાધન,
બન્ને ધ્યેય એક બને, એ કર્મયોગનું અંતરંગ.

(ગીતા - સ્વે સ્વે કર્મણિભિઃ રતઃ સંસિંદ્ધિ લભતે નરઃ)

## પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

# મનોરચનાઓ પ્રગતિ માટે, બંધન માટે નહિ

(તા.૪.૧૨.૧૯૧૪ - પૃ.૨૦૩)



કોઈ મનોમય રચના સાથે પોતાની જાતનું (કાયમી સ્વરૂપે) તાદાત્મ્ય કરી દેવું એ એક પ્રકારની મૂર્ખાઈ નથી ? આપણે સત્યને સુખદાયક રીતે બંધબેસતી આવે એવી (નવી) અભિવ્યક્તિનું રૂપ શોધી કાઢવા પ્રયત્ન કરવો એ..... ઉપયોગી છે. (તે) વ્યક્તિની પોતાની સંપૂર્ણ ખીલવણી માટે અનિવાર્ય છે. પરંતુ વ્યક્તિએ પોતાની (હાલની) ચેતનાનું કેન્દ્ર એની ઉપર રાખવું જોઈએ.

જગતને આપણે માનીએ છીએ તેવું નથી. (તેથી) પોતાની અંદર..... વધુ ચોક્કસ એવી સત્યની વ્યાખ્યા કરવાનો સંકલ્પ અનુભવાય એ સારી વસ્તુ છે, પણ તે એક શરતે. એ કાર્ય સાથે આપણા હું ને એટલા બધા પ્રમાણમાં ન જોડી દઈએ કે જેથી આપણે તેના ગુલામ બની જઈએ. બીજી બધી પ્રવૃત્તિઓની માફક એ પણ સાપેક્ષ છે..... આપણી શાંતિ અને નિશ્ચલતાને કદી બાધારૂપ ન બનવા દેવા જોઈએ..... તો જ દિવ્ય-શક્તિઓને આપણા દ્વારા..... વિકૃત બનવા દીધા વિના પ્રગટ થવા દઈ શકાય.

## અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ |
|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** | |
| (મનોરચનાઓ પ્રગતિ માટે, બંધન માટે નહિ) | ૩ |
| **પ્રાર્થના છે, અંતરનો પોકાર** | ૬ |
| **દિવ્યજીવન** (પરમ ચેતનાનું અસ્તિવ) | ૯ |
| માતૃવાણી | |
| (ભાગવત-દૃષ્ટિથી જગત વિષેની સમજણ - ૨) | ૧૨ |
| સાવિત્રી (પ્રકૃતિની ઘડતરની રીત) | ૧૫ |
| યોગ વિષે પત્રો (મનસ્તત્વનું સ્વરૂપ) | ૧૯ |
| ઉપનિષદો (પરમ - શબ્દ) | ૨૧ |
| વેદ-રહસ્ય (વરુણનું સ્વરૂપ) | ૨૫ |
| શ્રી અરવિન્દ : પોતા વિષે | |
| (અતિમનસનો આવિર્ભાવ) | ૨૮ |
| **યોગ પર દીપ્તિઓ** | |
| (બુદ્ધિને પ્રભુ તરફ વાળવી) | ૩૩ |
| **સાંજના વાર્તાલાપો** (શરીરની અમરતા) | ૩૫ |
| **વેદવિજ્ઞાન** (નિર્ઋતિ, પણિ, અસુર, રાક્ષસ) | ૩૮ |
| **ધ મધર્સ એજન્ડા** | |
| (ચેતનાનું પતન) | ૪૦ |
| **યોગનાં મૂળતત્ત્વો** (કામવાસના - ખોરાક - નિદ્રા) | ૪૧ |
| **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** | |
| (પ્રગતિ માટે સંઘર્ષ સહયોગ જરૂરી (૮૬-૯૨) | ૪૫ |
| **જાતક કથાઓ** (અફવાઓની આફત) | ૪૮ |
| નૂતન જન્મ | ૪૯ |
| કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર | |



**મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું**
**શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક**

**સહજ-સત્સંગ**

**અંક : ૨૪ વર્ષ : ૨**
**જાન્યુઆરી - ૨૦૧૫**

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**

**: સહજ સત્સંગ કાર્યાલય :**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા મો. ૯૮૨૪૩૭૩૯૨૯**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

**અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ - રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો રાજકોટમાં જ ચૂકવાય તેવો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
કૃપયા મનીઓર્ડર નહિ પરંતુ રાજકોટમાં વસૂલ થાય તેવા ચેક, ડ્રાફ્ટ,
**'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ'**ના નામે રાજકોટમાં જ ચૂકવાય તેવો મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં મૂળ લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના તેમજ એજેંડા પરના મૂળ લખાણો મીરા અદિતિ સેન્ટર - મૈસુરના કોપીરાઈટ છે.

# મનોરચનાઓ પ્રગતિ માટે, બંધન માટે નહિ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

કોઈ એક નિશ્ચિત મનોમય રચનાને સત્યની અંતિમ અને કાયમી અભિવ્યક્તિ માની તેમાં જ બંધાઈ રહેવું એ નરી મૂર્ખાઈ છે. સત્ય આપણી દ્વારા પ્રગતિશીલ રીતે પ્રગટ થાય છે અને તેથી દરેક નવા તબક્કે, સત્યને સમજવા નવી મનોરચનાની જરૂર પડે છે. મનોરચનાનું કાર્ય પણ સાપેક્ષ મહત્વ જ ધરાવે છે.

ચેતના અને જીવનના વિકાસ સાથે સત્યની અભિવ્યક્તિ પણ કેલિડિઓસ્કોપની રચના પ્રમાણે બદલાય છે. તેવે વખતે જૂની અભિવ્યક્તિ ત્યાગી નવી સ્વીકારવી એ સાચો વિવેક અને વિકાસ છે. આ સત્યની વ્યાખ્યા ચેતનાના વિકાસ અનુસાર બદલાતી જ જશે. તેમ કરવાથી જ પોતાના વ્યક્તિ-વિકાસને વધુ સ્વાતંત્ર્ય આપી શકાય છે. પોતાની ચેતનાના વિકાસના સંદર્ભમાં જ મનોમય-રચનાનું મહત્વ છે. તેને પોતાનું મહત્વ નથી.

જગતને આપણે આપણી માન્ય કરેલ મનોરચના દ્વારા જ જોઈએ છીએ. જેવું જગત આપણને લાગે છે તેવું તે નથી હોતું.

કોઈ મનોરચનાને ચોંટી રહેવું એ અહંકારનું કામ છે, પણ તેમ કરવાથી આપણું સ્વાતંત્ર્ય અને મૌલિકતા, સર્જનશક્તિનો નાશ થાય છે.

આપણી શાંતિ અને સત્યના દર્શનથી પ્રાપ્ત નિશ્ચળતાને તે મનોરચના બાધક ન જ થવી જોઈએ. આપણી શાંતિ અને નિશ્ચળતા ટકાવી રાખવી વધુ મહત્વની છે.

આવી રીતે મનોરચનાની સ્વીકૃતિ માટે ઉદાર ધોરણ રાખશું તો જ દિવ્ય-શક્તિઓ પોતાનું દિવ્યકાર્ય આપણામાં મુક્ત રીતે કરી શકશે અને આપણી ચેતનાના વિકાસને વધુ ગતિ આપી શકશે.

# પ્રાર્થના છે, અંતરનો પોકાર

- જ્યોતિબેન થાનકી

પરંતુ એમ છતાં દરેક ધર્મોમાં ભગવાનને, પરમતત્ત્વને, પછી ભલે નામ ગમે તે આપવામાં આવ્યું હોય, પણ તેને પ્રાપ્ત કરવા માટેની આચાર સંહિતાઓ આપવામાં આવેલી છે. વિવિધ પદ્ધતિઓ પણ આપવામાં આવેલી છે. સંપૂર્ણ શ્રદ્ધા સાથે એ પદ્ધતિ પ્રમાણે જો પ્રાર્થના કરવામાં આવે તો તેનું પરિણામ ચોક્કસ મળે છે. પણ એવું જરૂરી નથી કે કોઈ નિશ્ચિત પદ્ધતિ પ્રમાણે, અમુક આસનમાં બેસીને, અમુક રીતે જ પ્રાર્થના કરવી જોઈએ. આ વિષે રશિયાના મહાન ચિંતક લીયો ટોલ્સ્ટોયની એક વાર્તા છે. એક ટાપુ ઉપર ત્રણ આદિવાસી, અણઘડ મનુષ્યો રહેતા હતા. તેમને ભગવાન કેવા છે, અને તેમને કેવી રીતે પ્રાર્થના કરવી, એ કંઈ જ આવડતું નહોતું. છતાં તેઓ એમ માનતા હતા કે ભગવાન છે તો ખરા. એટલે રોજ તેઓ ભગવાનને કહેતા ''ભગવાન તું ત્રણ છે, અમે ત્રણ છીએ. તું અમને તાર''. રોજેરોજ ભગવાન પ્રત્યે સાચા દિલથી તેઓ આમ કહ્યા કરતા અને ભગવાન ખરેખર અનેક આફતોમાંથી એમને ઉગારી લેતા. આ રીતે તે ત્રણેયનું ભગવાન સાથેનું અનુસંધાન ગાઢ બનતું જતું હતું. એવામાં ત્યાં એક પાદરી આવી ચઢ્યો. તે દરિયામાં અટવાઈ ગયેલો, તે માંડ માંડ આ ટાપુ પર પહોંચ્યો. આ આદિવાસીઓ સાથે રહ્યો. એમની પ્રાર્થના અને ભગવાન પ્રત્યેનું અજ્ઞાન જોઈને તેને દયા આવી ગઈ. તેણે તેમને સરસ શબ્દોમાં ભગવાનની પ્રાર્થના શીખવાડી. જ્યાં સુધી એ પ્રાર્થના બરોબર ન આવડી ત્યાં સુધી તે ત્યાં રોકાઈ ગયો. પ્રાર્થના બરાબર પાકી કરાવીને, પછી તે પાછો પાતાના વહાણને રીપેર કરીને સમુદ્રમાં જવા નિકળ્યો. વહાણ આગળ નીકળી ગયું. આ ત્રણેય પાદરીએ શીખવાડેલી પ્રાર્થના કરવા બેઠા અને

ગોખાવેલા શબ્દો ભૂલી ગયા. તે તેમને કેમે ય યાદ જ ન આવ્યા. તેઓએ વિચાર્યું કે હજુ વહાણ બહુ દૂર નહીં પહોંચ્યું હોય. આથી પાદરી પાસે જઈને પાછી એ પ્રાર્થના શીખવા તેઓ સમુદ્ર કિનારે આવ્યા. તેમની પાસે તો વહાણ કે નાનો તરાપો ય ન હોતો. તો સમુદ્રમાં કેવી રીતે જવું ? આથી તેઓએ તેમની જૂની પ્રાર્થના ભગવાનને કરી ''હે ભગવાન અમે ત્રણ છીએ. તુ ત્રણ છે, તું અમને તાર''. અને એમ કહીને પાણીમાં ચાલવા લાગ્યા. પાણી ઉપર સડસડાટ ચાલતા ચાલતા તેઓ વહાણ સુધી પહોંચી ગયા. એમને આ રીતે આવતા જોઈને પાદરી તો આશ્ચર્યચકિત થઈ ગયો. એમણે પાણી ઉપર ઊભાં ઊભાં જ કહ્યું ''અમે પ્રાર્થના ભૂલી ગયાં, એટલે એ અમને ફરીથી કહો. એટલે જ અમે આવ્યાં છીએ.'' ત્યારે પાદરીએ કહ્યુંઃ ''પ્રભુએ તમારી પ્રાર્થના સ્વીકારી લીધી છે, એટલે તો તમે આ રીતે આવી શક્યા. મારે તમને હવે કોઈ પ્રાર્થના શીખવવાની જરૂર નથી. તમે તમારી જ પ્રાર્થના કરતા રહો.'' અને પછી મનોમન બોલી ઊઠ્યો ''જિંદગી સુધી હું ભગવાનને પ્રાર્થના કરતો રહ્યો પણ વ્યર્થ ! પ્રાર્થના તો મારે તમારી પાસેથી શીખવાની છે !'' અને પછી તે પાદરી સમુદ્ર ઉપર સડસડાટ ચાલી રહેલા એ ત્રણેય આદિવાસીઓ, આવી ઢંગધડા વગરની પ્રાર્થના કરતા હોવા છતાં ભગવાનની કેટલા નજીક છે, એ જાણીને અંતરથી વંદી રહ્યો અને ત્યારે તેને એ મહારહસ્ય સમજાયું કે પ્રાર્થનામાં શબ્દો નહીં પણ ભાવ મુખ્ય છે !

આવી જ એક બીજી દૃષ્ટાંત કથા પણ છે. એમાં એક ગામડિયાને ચર્ચમાં પાદરી પ્રાર્થના શીખવતા હતા. પણ એ પ્રાર્થના એને યાદ રહેતી નહોતી. દરરોજ તે ભૂલી જતો અને બધાં પ્રાર્થના બોલતા હોય ત્યારે તેને એમ ને એમ ભગવાનની મૂર્તિ સમક્ષ ઊભું રહેવું ગમતું નહીં. એથી તે ભાવપૂર્વક, તેને માત્ર આખી એબીસીડી ના મૂળાક્ષરો આવડતા હતા તે બોલી જતો અને ભગવાનને કહેતો કે આમાં મારી બધી જ પ્રાર્થનાઓ આવી ગઈ છે, તું એમ માની લેજે. અને એક દિવસ ભગવાનના સેવકે પૂછ્યું; ''પ્રભુ આટલા બધા લોકો રોજરોજ તમારી પ્રાર્થના કરે છે, એમાં સહુથી શ્રેષ્ઠ પ્રાર્થના કઈ છે ?'' ત્યારે ભગવાને

કહ્યું; 'પેલા ભોળા ગામડિયાની કે જેને પ્રાર્થનાના કોઈ શબ્દો આવડતા નથી, પણ દરરોજ એ આખી એબીસીડી બોલી જાય છે, એ પ્રાર્થના સહુથી ઉત્તમ છે. કેમકે એમાં એના હૃદયનો મારા પ્રત્યેનો ભાવ વ્યક્ત થાય છે.'' આમ વિદ્વતાભર્યા પ્રશંસાના શબ્દો કરતાં ભલાભોળા ગામડિયાની બારાખડીથી ભગવાન વિશેષ પ્રસન્ન થાય છે. પ્રાર્થના દરેક વ્યક્તિની પોતાની આગવી હોય છે, કેમકે દરેકની આંતરિક જરૂરિયાત પ્રમાણે ભગવાન સાથેનો ભાવ બંધાતો હોય છે. દરેકની જરૂરિયાત અને કક્ષા જુદી જુદી હોવાને લઈને દરેકની પ્રાર્થના પણ જુદી જુદી જ હોવાની. પ્રાર્થના સહજ, સરળ અને સ્પષ્ટ હોવી જોઈએ. એ તો ભગવાનની સમક્ષ નિવેદન છે. એમાં જો આડંબર હોય, દેખાવ હોય, મિથ્યા સંભાષણા હોય કે બીજા ઉપર પ્રભાવ પાડવાની વૃત્તિ હોય, તો આવી પ્રાર્થના કદાચ લોકોને થોડો સમય માટે પ્રભાવિત કરી શકતી હશે, પણ ભગવાનને નહીં. ભગવાન આગળ દેખાવ ચાલતો નથી, દંભ કે વિદ્વતાભરી વાણી પણ ત્યાં પહોંચતી નથી. એથી આવી ભભકભરી પ્રાર્થનાઓ દ્વારા ભગવાન સાથેનો સંબંધ બંધાતો નથી. એ સંબંધમાં જેટલી સરળતા, સહજતા તેટલી નિકટતા વધારે સ્થપાય છે. એટલે જ હૃદયમાંથી નીકળતો ભાવ સીધા સાદા શબ્દોમાં, કે શબ્દો વગર પણ ભગવાન સમક્ષ નિવેદિત કરવામાં આવે એ જ શ્રેષ્ઠ પ્રાર્થના છે.

(પૃષ્ઠ ૧૪ ઉપરથી)

## માતૃવાણી

માલિક એક જ છે - પરમપ્રભુ. પૈસાની વ્યક્તિગત-માલિકીના ખ્યાલે જ માનવજીવનને વિકૃત કરી નાખેલ છે. પૈસો બિન-અંગત શક્તિ છે. તે દિવ્ય-શક્તિઓને ઝીલવાનું અને અભિવ્યક્ત કરવાનું સાધનમાત્ર છે, તેથી જેની પાસે વૈશ્વિક-આયોજનનું દર્શન અને સમજણ હોય એવી જ વ્યક્તિઓને વાપરવા માટે ધનશક્તિ છે. પૈસા દ્વારા જૂથ, દેશ અને પૃથ્વીનો વિકાસ થઈ શકે છે. બધી શક્તિઓની જેમ તે પણ વપરાશથી પાછી મેળવી શકાય છે. પૃ.૩૧૩

# દિવ્ય-જીવન
- શ્રી અરવિન્દ

# પરમ ચેતનાનું અસ્તિત્વ

પ્રકરણ - ૧૦

**સમજૂતી** - માનસિંહ ચાવડા

ભૂતકાળ પણ સૂક્ષ્મ સ્વરૂપે આજે પણ વર્તમાનકાળમાં જ હોય છે એવું ઋષિઓ માને છે. તેથી જ શરીર છોડ્યા બાદના મરણોત્તર અસ્તિત્વને 'ભૂતઃ' તરીકે ઋષિઓ માન્ય રાખે છે.

ઋષિઓનું આ રીતે આ ભૌતિક જગત કેવી રીતે નિર્માણ થયું એનું સ્પષ્ટિકરણ એટલે આ પંચમહાભૂતોના આવિર્ભાવની સમજણ છે.

પણ આથી સચેતન માનવી કેવી રીતે નિર્માણ થયો તેનું સ્પષ્ટીકરણ મળતું નથી. સજીવપ્રાણી નિર્માણ થયું તેનું સ્પષ્ટીકરણ આપણને સાંખ્યદર્શન આપે છે. તેના મતે આવિર્ભાવની સંભૂતિ'ની આ પ્રક્રિયા એટલે ફક્ત પાંચ તત્ત્વોનો આવિર્ભાવ એટલો જ નથી. આ ઉપરાંત ત્રણ તત્ત્વો આવિર્ભાવ પામ્યા છે. તે ત્રણ તત્ત્વોને કારણે જ સજીવ પ્રાણી નિર્માણ થઈ શક્યો છે. તે ત્રણ તત્ત્વો એટલે મન, બુદ્ધિ અને અહંકાર તત્ત્વ.

આત્મશક્તિમાંથી આકાશ તત્ત્વ સીધેસીધું થયું નથી પણ તેમની વચ્ચે ત્રણ અવસ્થાઓ છે. આત્મશક્તિ એ પૂરેપૂરી સભાન શક્તિ છે. તેમાંથી પછી અર્ધસભાન એવી અવસ્થાઓ નિર્માણ થઈ. તે અવસ્થાઓ એટલે જ મન, બુદ્ધિ અને અહંકાર. અર્થાત્ અન્તઃકરણ નિર્માણ થયું જેમાં આ બધાંનો સમાવેશ થાય છે. આ અન્તઃકરણમાં પ્રતિબિંબિત ચેતના એટલે જ અહંકાર આ અહંકારમાંથી જ તે પછી આકાશથી માંડીને પૃથ્વી સુધીની અભાન અવસ્થાઓ નિર્માણ થઈ છે. આમ કુલ ૩ + ૫ = ૮ અવસ્થાઓ નિર્માણ થઈ છે. આને જ અષ્ટધા પ્રકૃતિ કહે છે. ગીતામાં કહ્યું છે કે ''ભૂમિરાપોનલોવાયૂ ખં મનો બુદ્ધિ રેવચ । અહંકાર

ઈતીયં મે ભિન્ના પ્રકૃતિઃ અષ્ટધા ॥'' આ આઠ પ્રકારની પ્રકૃતિ છે. સંભૂતિનું સમગ્ર ક્ષેત્ર એ પ્રકૃતિનું ક્ષેત્ર છે. આ આઠ આવિર્ભાવો એ સંભૂતિના આઠ આવિર્ભાવો છે. પરમ-ચેતના જેને ઋષિ ભૂતિ કહે છે તે આ સંભૂતિ મારફત પ્રકટ થાય છે. અષ્ટપ્રકૃતિ ભૂતિના આવિર્ભાવના સાધનો છે. ખરેખર ભૂતિ અને સંભૂતિ એ જુદા નથી, એક જ પરમ-ચેતનાની આ બે અવસ્થાઓ છે. પરમ-ચેતનાની નિષ્ક્રિય અવસ્થા એટલે ભૂતિ, એટલે જ બ્રહ્મ, એટલે જ આત્મા અથવા પુરૂષ અને પરમ-ચેતનાની સક્રિય અવસ્થા એટલે જ પ્રકૃતિ, એટલે જ સંભૂતિ એટલે જ આ વિશ્વ. ઋષિઓ કાયમ આમને જોડકાથી ઉલ્લેખ કરે છે. પુરૂષ અને પ્રકૃતિ, બ્રહ્મ અને જગત અથવા ભૂતિ અને સંભૂતિ આ બધા જ સમાનાર્થી શબ્દો છે. આમને જ શિવ અને શક્તિ, આત્મા અને આત્મશક્તિ તરીકે પણ વર્ણવ્યાં છે.

અષ્ટ પ્રકૃતિનાં પાછા બે વિભાગ પડે છે. જે બાહ્ય પ્રકૃતિ છે તેમાં પંચમહાભૂતો (આકાશાદિ)નો સમાવેશ થાય છે અને આંતર પ્રકૃતિમાં મન, બુદ્ધિ અને અહંકારનો સમાવેશ થાય છે.

આ આઠે સંભૂતિ અર્થાત્ આંતર અને બાહ્ય પ્રકૃતિએ પોતાના આ ખાસ અલગ રૂપો પ્રકટ કર્યા તે પહેલાં તે એક રસ અને પ્રવાહી સ્થિતિમાં હતી. તેને સાંખ્યયોગ 'મહત્' તરીકે વર્ણવે છે. તેથી સમગ્ર પ્રકૃતિની પ્રારંભિક મહત્' અવસ્થામાંથી જ તે બાદ અષ્ટ પ્રકૃતિ નિર્માણ થઈ એમ કહી શકાય.

પરમ - ચેતના નિરાકાર છે, અસીમ છે, અમર્યાદ છે પણ તેણે સાકાર, મર્યાદિત રૂપો કેવી રીતે નિર્માણ કર્યા તેનું સ્પષ્ટિકરણ આપવા મન, બુદ્ધિ અને અહંકાર આ ત્રણ સ્વરૂપોની પ્રકૃતિની કલ્પના કરવામાં આવી છે. પરમ-ચેતનાએ અનેકરૂપે પ્રકટ થવાનો જ સંકલ્પ નિર્માણ કર્યો તેને કારણે તેનામાંથી જ, જેમ એક અમીબામાંથી બે અમીબા વિભાજીત થાય તેમ, આ એકરસ અખંડ પરમ-ચેતનામાંથી પરમ-ચેતનાના જ અસંખ્ય, નાના-નાના બિન્દુઓ, સ્ફૂલિંગો તૈયાર થયાં અને પરમ-ચેતનાના જ અંશ હોવાથી પોતાના આ મર્યાદિત સ્વરૂપ બાબત સભાન બન્યાં. આ તેમની સભાન બનવાની પ્રક્રિયાને

જ અહંકાર પ્રક્રિયા કહેવામાં આવે છે. તેઓની વિશ્વથી પોતાને અલગ બનવાની પ્રક્રિયાને જ અહંકાર પ્રક્રિયા કહેવામાં આવે છે. તેઓ વિશ્વથી પોતાને અલગ અનુભવવા લાગ્યા તેથી વિશ્વમાં અને તેમનામાં હવે એકાત્મતા હતી તે ન રહેતાં તેઓ વિશ્વમાંના એક છે એવો અંશ અને અંશીનો સંબંધ સ્થપાયો. આ ચૈત્યપુરૂષોના આવિર્ભાવની અવસ્થા છે. ચૈત્યપુરૂષ પોતાને પરમ-ચેતનાનો અંશ તરીકે અનુભવે છે. તે બાદ આ અહંકાર પોતાને વધારે સાકાર કરવા પ્રકૃતિના વિવિધ ઘટકોને સ્વીકારી જાણે પોતાના અનુભવો માટે એક સાધન તૈયાર કર્યું. આ આયોજન કરવા માટે અહંકારમાં જે ક્ષમતા પ્રગટી તેને 'બુદ્ધિ' કહે છે. આ રીતે વધારે સાકાર થયેલ અહંકાર જગતના અનુભવો લેવા લાગ્યો અને તેથી જગત અને તેની વચ્ચે નવો સંબંધ નિર્માણ થયો તે સંબંધ છે વિષય અને વિષયીનો, Subject and Objects નો અથવા જ્ઞાતા અને જ્ઞેયનો.

જેમ જેમ આ અહંકાર જગતના અનુભવો લેવા માંડ્યો તેમ તેમ તે અનુભવ બાબત પોતાની પ્રતિક્રિયાઓ પણ દર્શાવવા લાગ્યો, આને કારણે તે 'બુદ્ધિ' અવસ્થાનું રૂપાંતર મનોવસ્થામાં થયું. અને જ્ઞાતા અને જ્ઞેય સંબંધ હવે ફક્ત જ્ઞાનાત્મક ન રહેતા ભાવાત્મક પણ બન્યો. અને તેમાંથી ભોકતા અને ભોગ્ય એવો સંબંધ નિર્માણ થયો. આને 'મન' કહેવામાં આવે છે આ મનમાંથી પછી આકાશાદિ પંચમહાભૂતો નિર્માણ થયાં છે - બાહ્યપ્રકૃતિ નિર્માણ થઈ છે. મન, બુદ્ધિને કારણે જ અનુભવ લેવાની ક્ષમતા અહંકારમાં આવિર્ભાવ પામી છે.

આપણે જોયું છે કે ભૌતિક પદાર્થની પાછળ અને મન બુદ્ધિ અને અહંકારની પાછળ એક પરમ-ચેતના પડેલી છે. ત્યાં બધું જ એકરૂપ અને એકરસ થઈ જાય છે. આ એકાત્મકતાને કારણે જ અહંકારમાં જ્ઞાન મેળવવાની, અનુભવવાની ક્ષમતા પ્રકટ થઈ છે. પરમ-ચેતના એ જ્ઞાતા અને જ્ઞેય બંનેનો સમાન આધાર છે તેથી સાંખ્યયોગમાં એમ કહેવામાં આવે છે કે આપણે જ્યારે ઇન્દ્રિયો દ્વારા બાહ્ય વસ્તુઓનું જ્ઞાન મેળવીએ છીએ ત્યારે ખરેખર તો આપણે પેલી સમાન આધારરૂપ ચેતના દ્વારા જ તે જ્ઞાન મેળવતા હોઈએ છીએ. પેલી સમાન આધાર

(અનુ.પૃ. ૩૨ ઉપર)

# માતૃવાણી

- શ્રી માતાજી

## અવતરણો

# ભાગવત-દૃષ્ટિથી જગત વિષેની સમજણ - ૨

(માતૃવાણી - ૨, પૃ.૩૦૨-૩૨૩)

**સમજૂતી** – માનસિંહ ચાવડા

૩૨ **પ્રેમ :** પ્રેમ એ સમગ્ર વિશ્વનો મૂળ-સ્રોત છે. પ્રેમ જ સૃષ્ટિની વસ્તુઓને સાથે લાવી એક કરે છે અને તે વસ્તુઓને તેના સર્જક સાથે એકરૂપ કરી આપે છે. તેથી પ્રેમ એ ફક્ત સાધન છે, તેથી વધુ રહસ્યમય બની જાય છે. પ્રેમ એ સદા વિજયી હોય છે – સત્યની જેમ. તે માનવની બધી મુશ્કેલીઓ ઉપર વિજય મેળવી શકે છે અને તેથી જ તે અંતિમ વિજયરૂપ ગણાય છે. પ્રેમ લેતો નથી, આપે છે. તે મધુર અને શાશ્વત છે. તે જીવનને કૃતાર્થ કરે છે, પ્રકાશમય કરે છે, પ્રેમ એવો છે જે પ્રેમ કર્યા સિવાય રહી શકતો નથી. આત્મા પરમપ્રેમમાં નિવાસ કરે છે. તેને સમજવા ચૈત્યપુરુષ સાથે એકરૂપ થવું જરૂરી છે. પ્રભુનો પ્રેમ એ સહુથી સંપૂર્ણ પ્રેમ છે. તે ચમત્કારોનો પણ ચમત્કાર છે. તે બધાને સુખી કરવા માટે જ છે. છતાં બહુ ઓછા લોકો તેની દરકાર કરે છે અને તેને જાણે છે. પરમપ્રેમ પ્રભુની અભિવ્યક્તિ સ્વરૂપ છે. સત્યની અભિવ્યક્તિ સ્વરૂપ છે. તે પ્રેમથી પોતાનું જીવન અને હૃદય ભરી દેવું એ જ જીવનની સાર્થકતા છે. આ પ્રેમ તદ્દન સ્થિર હોય છે અને તેથી તૃષ્ણા જે ક્ષણિક હોય છે તેથી જુદો પડે છે. ભગવત્-કૃપા એ પ્રભુના આપણી ઉપરના પ્રેમની જ અભિવ્યક્તિ છે. આ પ્રેમ તદ્દન નિસ્વાર્થી હોય છે. માનવપ્રેમમાં ખરેખર પોતાની ઉપરનો પ્રેમ જ છુપાએલો હોય છે અને તેથી તેમાં અપેક્ષા રહે છે. પ્રભુ સિવાય કાંઈ ન

હોવાથી પ્રભુને કોઇ પાસેથી અપેક્ષા હોતી જ નથી. તેથી માનવપ્રેમ જેમ જેમ વધુ ને વધુ નિઃસ્વાર્થી અને નિરપેક્ષ બને છે તેમ તે વધુ ને વધુ દિવ્યપ્રેમ જેવો શક્તિમાન બનતો જાય છે, કારણ તેમાં પોતાની જાત ઉપરનો પ્રેમ નથી. તેવો પ્રેમ જ દિવ્ય-પ્રેમને સમજી, જાણી અને ઝીલી શકે છે. પ્રેમની પદ્ધતિથી જ અવરોધો જીતાય છે. પ્રેમની પદ્ધતિ એટલે પ્રભુ સાથે એકરૂપ રહીને કાર્ય કરવાની પદ્ધતિ. તેથી જ પ્રેમને સહુથી પ્રબળ અને સર્વગ્રાહી અર્થાત્ સર્વાંશે પરિણામ લાવનાર કહ્યો છે. પ્રેમ કોઇ વસ્તુનો નાશ કરતો નથી પણ તેનું રૂપાંતર કરે છે. તેને પોતાનું સત્ય પ્રગટ કરવા સક્ષમ બનાવે છે.

પ્રેમ શુભ્ર પ્રકાશ જેવો દેખાય છે .તેમાં બધા અવરોધો ઓગળી જાય છે, કારણ તેમાં વિશુદ્ધિની સર્વોચ્ચ-શક્તિ છે. આ દિવ્યપ્રેમ સર્વત્ર પ્રગટ થઇ શકે છે, ફક્ત માનવમાં જ નહિ; પ્રેમ સેવા દ્વારા પણ પ્રગટ થાય છે. પ્રેમને અન્ય દિવ્ય-શક્તિઓની જરૂર હોતી નથી. તે સ્વયંપૂર્ણ છે. તે પરમ સાધન છે. પ્રભુની અભિવ્યક્તિની તે સંવાદિતા રચે છે અને અંતે, એકતામાં, તદ્રુપતામાં પરિણમે છે. પૃ.૩૦૮

૩૩ **આવિર્ભાવ :** તે ખરેખર એક જ છે. બધામાં અંતર્યામી બનીને જુદીજુદી રૂપે પ્રગટ થાય છે એટલું જ. દરેક વસ્તુને પોતાની ખાસ દિવ્ય-અભિવ્યક્તિ કરવાની છે. તે જ તેનો નિયમ છે. પ્રથમ અભિવ્યક્તિ અંદર સક્રિય થાય છે તે જાગૃતિ દ્વારા. તે પછી તે બાહ્ય-સ્વરૂપમાં અભિવ્યક્ત થાય છે; અભીપ્સાના અથવા સંકલ્પને મળતા પ્રત્યુત્તર તરીકે. આવિર્ભાવ પામવું એ પ્રભુનો પોતાનો જ મૂળ-સંકલ્પ છે, જે દિવ્ય-ચેતના એ પોતાને અભિવ્યક્ત થવા સ્વરૂપે કરેલ છે. પ્રભુ પોતાના આવિર્ભાવ માટે પૃથ્વી ઉપરની બધી જ શક્યતાઓનો ઉપયોગ કરે છે. તે દિવ્ય-શક્તિ હજી પૂર્ણ અભિવ્યક્ત થઈ નથી. આપણે જો યોગ્ય રૂપે તેને માટે કાંઈક તૈયાર કરી આપશું તો તે તેની દ્વારા અભિવ્યક્ત થશે. પ્રભુ પોતે જ પોતાના આંતરિક-સત્યથી સભાન બનવા આ આવિર્ભાવ ક્રિયા

કરી રહ્યા છે, પણ આ આવિર્ભાવ દરેકની પ્રકૃતિ અનુસાર જુદોજુદો છે. મનુષ્યમાં પ્રભુને પ્રગટ કરવાની ક્ષમતા છે. સાધનામાં આવતા ઝંઝાવાતથી, વંટોળિયાથી ડરવું નહિ. તે આપણને જગતનાં વિવિધ રૂપોનો પરિચય કરવા જ આવેલો હોય છે, તેથી તે ઝંઝાવાત સાથે જ સાચી ચેતનામાં રહેશો તો તમને ઝંઝાવાતનો હેતુ સમજાશે.

હવે નૂતન આવિર્ભાવ નિશ્ચિત થઇ ગયો છે અને તે આવિર્ભાવની અણી ઉપર જ આવી ઊભો છે. આપણે અને જગતે પ્રભુના આ નવા આવિર્ભાવ બાબત સભાન બનવાની જરૂર છે. આનંદને વિષય તરીકે, અલગ બનીને માણવા માટે જ આ જગત રચાયું છે. આવિર્ભાવની શરૂઆતમાં આપણે આપણી મર્યાદાઓ વિષે સભાન બનીએ છીએ. તે સભાનતા જ વિશિષ્ટ પ્રકારના આવિર્ભાવની શરૂઆત બની જાય છે. વ્યક્ત-પ્રભુના પ્રેમનું જેમ માધુર્ય છે તેમ અવ્યક્ત-પ્રભુના પ્રેમનું પણ છે. પ્રેમ અવ્યક્તને પણ કરી શકાય છે. પૃ.૩૧૧

૩૪ **લગ્ન :** લગ્નનો મૂળભૂત હેતુ છે - બન્નેમાં એક જ પ્રકારની અભીપ્સા હોવી. બન્નેએ સાથે જ અધ્યાત્મ-પથ ઉપર આરોહણ કરવું અને પરસ્પર પ્રેમ દ્વારા પ્રભુની સનાતન એકતાનો બન્નેમાં અનુભવ કરવો. પૃ.૩૧૨

૩૫ **ચમત્કાર :** દિવ્ય-શક્તિએ ચમત્કારો રચવા જોઇએ એવો કોઇ અટળ નિયમ નથી. સાધકને પોતાના ભૌતિક-જીવનના તબક્કા ઝડપથી પસાર થતા લાગે અને તે દ્વારા આધ્યાત્મિક-વિકાસ થતો લાગે તો તે શું નાનો ચમત્કાર છે ? કારણ બીજાઓને એટલી જ પ્રગતિ કરવા માટે હજારો વર્ષો લાગે છે. પૃ.૩૧૩

૩૬ **પૈસો (ધનદોલત) :** લોકોને ભગવાન કરતા પૈસો વધુ વહાલો છે. પૈસો એ વધુ ધન કમાવાનું સાધન નથી, પણ પૃથ્વી ઉપર નવીન-સૃષ્ટિના આગમન માટે તૈયારી કરવાનું સાધન છે. પૈસાની વ્યક્તિગત-માલિકી નથી. તેનો

(અનુ. પૃષ્ઠ ૮ ઉપર)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

# પ્રકૃતિની ઘડતરની રીત

પ્રકરણ-૧૪૩

(Savitri B-1, C-4, P-68)

In the symbol figures of the cosmic Force
And in her living and inanimate signs
And in her complex tracery of events
He explores the ceaseless miracle of himself,
Till the thousandfold enigma has been solved
In the single light of an all-witnessing Soul.

વૈશ્વિક-શક્તિ એ એકબીજાથી ટકરાતી હોય છે. એકબીજામાં મળી ત્રીજી શક્તિમાં રૂપાંતરિત થતી હોય છે અથવા સંઘર્ષ ખેલી સામેની શકિતને ગુલામ તરીકે વાપરે છે અથવા ગુલામ થઈ જાય છે, કારણ દરેક વૈશ્વિક-શક્તિનો નિશ્ચિત સ્વભાવ છે, નિશ્ચિત કાર્યપદ્ધતિ છે અને નિશ્ચિત પરિણામો પણ ઉપજાવે છે. વિવિધ ક્ષારો અને રસાયણો વચ્ચેની રાસાયણિક પ્રક્રિયા જેવો જ આ વ્યવહાર હોય છે. જેમ કે રાસાયણિક પ્રક્રિયાને લીધે નવા જ તત્ત્વનાં, નવા જ આકારના સ્ફટિકો બંધાય છે. તેવી જ પ્રક્રિયા આ વૈશ્વિક-શક્તિઓની આંતરિક પ્રક્રિયાથી થાય છે. તેમાંથી વિવિધ પ્રકાશરંગો ઉત્સર્જીત થાય છે અને વિવિધ ભૌમિતિક કે અન્ય પ્રકારની પ્રકાશ આકૃતિઓ રચાય છે. આ આકૃતિઓ અથવા ઘડતરોની પોતાની શકિત હોય છે, જે વિશિષ્ટ પરિણામ નિર્માણ કરે છે. તેથી એક રીતે જોતા પેલા ઘડતરોના આકારો તે નિશ્ચિત પરિણામોના પ્રતીક બની જાય છે. આ જ વાસ્તવિકતાનો શ્રી અરવિંદ અહીં સંદર્ભ લઈ રહ્યાં છે. તંત્રશાસ્ત્રમાંના વિવિધ

યંત્રો આ જ મૂળભૂત વાસ્તવિકતા ઉપર રચાયેલા છે. યંત્ર એટલે જ ઘડતર, જે નિશ્ચિત પરિણામ નિર્માણ કરે છે. આવા જે પ્રતીકો વિશ્વ-શક્તિઓ રચતી હોય છે તેની વાત શ્રી અરવિંદ કરી રહ્યાં છે.

આવાં પ્રતીકો જ્યારે રચાય છે ત્યારે તેમાં પોતાની આંતરિક-શક્તિ ખૂબ જ વધારે હોય છે. તે વર્ષાના પાણીથી ભરાયેલાં વાદળાં જેવાં હોય છે જે અનુરુપ પરિસ્થિતિમાં વરસી પડે છે અને અનુરૂપ પરિણામો નિપજાવે છે. ધીમે ધીમે તેમની આતંરિક-શક્તિ વપરાઈને ક્ષીણ થતી જાય છે અને તે ધીમે ધીમે વરસી ગયેલાં વાદળાં જેવાં પરિણામશૂન્ય બની જાય છે. શ્રી અરવિંદ આવા શક્તિથી ભરપૂર પ્રતીકો કે ઘડતરોને (signs) 'living' કહે છે અને જે પરિણામ ઉપજાવી નિઃસત્ત્વ બની ગયા હોય તેમને ચેતનહીન (inanimate) ઘડતરો કહે છે.

અર્થાત્ આવા નિઃસત્ત્વ ઘડતરોમાં ફરી રિચાર્જ થવાની પોતાની ક્ષમતા હોય છે. તેઓ કોઈ વ્યકિતના સ્વરૂપમાં પ્રવેશી તેના સ્વરૂપમાં ચોંટી જાય છે અને તેમાંથી પ્રાણ-શક્તિ મેળવીને ફરી પોતાની ગુમાવેલી શકિત મેળવે છે. તેઓ બગાની જેમ પરોપજીવી જાણે સત્ત્વો હોય છે. જ્યારે આવી ઘટના બને છે ત્યારે તે વ્યકિતમાં તે ઘડતરને અનુરૂપ વિચારો કે ભાવનાઓ કે વૃત્તિઓ સતત રચાતી હોય છે તેના પુનરાવર્તનને કારણે જે પ્રાણશક્તિનાં તીવ્ર આંદોલનો તે વ્યકિતના સ્વરૂપમાં ઉછળે છે, તેમાંથી આ ઘડતરો પોતાની પ્રાણશક્તિ શોષીને મેળવી લેતા હોય છે. જે વ્યકિત નિર્લેપ, શાંત, સ્થિર, રહેવા ટેવાયેલી છે તેમની ઉપર આ ઘડતરો પોતાની કીમિયા વાપરી શકતા નથી. તેમને ઉશ્કેરાટથી મળતી શકિત તેમાં મળતી નથી.

આ બધાં ઘડતરો અંતરિક્ષમાં પ્રવાસ કરતા હોય છે પણ તેમનો પ્રવાસમાર્ગ વિશ્વ-પ્રકૃતિની રચનાથી અંકુશિત થતો હોય છે. જેમ પીપળાનાં પાંદડામાં અસંખ્ય સૂક્ષ્મ રસવાહિનીઓનું જાળું હોય છે, જે તે પાંદડું સૂકાઈને તે વાહિનીઓ આજુબાજુનું પાંદડાનું પડ ખરી પડતા એક પાંદડારૂપે રસવાહિનીઓનું એક સંકુલ (complex) જાળું (tracery) દેખાય છે, તેવી જ સ્થિતિ આ વિશ્વ-પ્રકૃતિમાંના નેટવર્ક કે વેબસાઈટની છે. તે વેબસાઈટ વિશ્વવ્યાપી છે અને તેના આધારે જ તે ઘડતર વિશ્વના પ્રવાસે ઉપડેલું હોય છે. તે ઘડતરની રચના વખતે તે

કોઈ વ્યકિતને ઉદ્દેશીને રચાયેલું હોય તો તે આ નેટવર્કના પાટા ઉપરથી આગળ વધીને પોતાની મેળે તે વ્યકિતના સ્વરૂપમાં પ્રવેશવાનો ટૂંકામાં ટૂંકો રસ્તો નેટવર્કના પાટા બદલાવીને મેળવી લે છે અને ત્યાં પહોંચીને પોતામાં સંગ્રહિત-શકિત તે વ્યકિત ઉપર ઠલવે છે.

રાગ, દ્વેષ, ક્રોધ, ઈર્ષા, પ્રેમ,વાત્સલ્ય, સ્મૃતિ વગેરેને કારણે નિર્માણ થયેલાં ઘડતરો આ રીતે જ કામ કરતા હોય છે. આપણી પ્રાર્થનાઓ, અભીપ્સાઓ પણ આ રીતે જ ઘડતરો રચી પ્રભુ પાસે પહોંચતી હોય છે. શ્રી અરવિન્દ આ સમગ્ર પ્રક્રિયાને 'complex tracery of events' કહે છે.

આત્મતત્ત્વ આ જ પ્રક્રિયા દ્વારા પોતાના જીવનકાળનાં અનેક રહસ્યોથી સાધના દ્વારા ધીમે ધીમે માહિતગાર થતો હોય છે. આવા ચમત્કારોની અખંડ-વણઝાર (ceaseless miracle) તેની સામે ક્રમશઃ પ્રગટ થાય છે અને તેને આત્મ-સાક્ષાત્કાર તરફ દોરી જાય છે. આને કારણે તેના જીવનમાં જે અનંત કોયડાઓ નિર્માણ થયેલા હોય છે, સમસ્યાઓનો સામનો કરવો પડતો હોય છે, તે બાબતની તેને સમજણ આવે છે કે આ કાંઈ સ્વતંત્ર અને જુદીજુદી અસંખ્ય સમસ્યાઓ નથી પણ એક જ સમસ્યાના અનેકવિધ પાસાંમાત્ર છે. સમસ્યા તો એક જ છે અને તે છે આત્મસ્વરૂપની વિસ્મૃતિ. તેના અનેક ફણગારૂપે આ અસંખ્ય સમસ્યાઓ નિર્માણ થઈ છે. (Thousandfold enigma) જ્યારે આ આત્મતત્ત્વની ભૂમિકા જેમાં તે એક જ વિશ્વવ્યાપી આત્મા છે અને અસંખ્ય જીવનની ઘટનાઓના એકલો પોતે જ દૃષ્ટા છે, આ તેની વાસ્તવિકતા સાધકના ધ્યાનમાં આવે છે ત્યારે આ સંકુલ સમસ્યાનું પૂરેપૂરું નિરાકરણ થઈ જાય છે (solved)

This was his compact with his mighty mate.
For love of her and joined to her for ever
To follow the course of Time's eternity.
Amid magic dramas of her sudden moods
And the surprises of her masked Idea

And the vicissitudes of her vast caprice.

આત્મતત્ત્વનો તેની જીવનસાથી (mate) સ્વરૂપ પ્રકૃતિ સાથે આ કરાર છે. આત્મતત્ત્વની તે પોતાની આત્મશક્તિ છે અને આ આત્મશક્તિ આત્માને પ્રિય છે. તે તે શક્તિથી જુદો પડવા માગતો નથી. તે તેનો સ્વભાવ જ બની ગયો છે, તેથી તે કાયમી સ્વરૂપે તેની જીવનસાથી બની ગઈ છે. તે તેની સાથે રહીને ધીમે ધીમે પોતાની સનાતનતાને કાળના પ્રવાહમાં અનુભવવા માગે છે (Time's eternity) તે માટે પ્રકૃતિની બધી ઘેલછાઓ જે તેના જીવનપ્રવાહમાં નાટયાત્મક ઘટનાઓ સર્જે છે, તે પણ તે ભોગવવા તૈયાર છે. કારણ તે જાણે છે કે તે નાટ્યાત્મક ઘટનાઓ દ્વારા પ્રકૃતિ તેને તેની સનાતનતાના વાંકાચૂકા માર્ગેથી લઈ જઈ રહી છે. તેને કારણે વચમાં વચમાં તેને પ્રકૃતિના આ છૂપા પણ સાચા ઉદ્દેશની અચાનક ઝાંખી થઈને તે મંત્રમુગ્ધ બની જાય છે અને તેના આવા આયોજનમાં આવતા જોરદાર ઝટકાસ્વરૂપ ફેરફારો (vicissitudes) જેનું સાચું કારણ ન સમજવાથી તે તેને પ્રકૃતિની શેખચલ્લી વૃત્તિ (caprice) સમજે છે.

શાસ્ત્રો આ સત્યને જ જુદા સંદર્ભમાં પ્રગટ કરે છે. તેઓ જણાવે છે કે 'ગહના કર્મણો ગતિ' પ્રકૃતિનાં કાર્યપ્રણાલીમાં થતા ફેરફારો એ આપણા કર્મોના પરિણામને અનુલક્ષીને આવતા હોય છે અને આપણા કર્મોનાં ફળો બાબત આપણે જાણતા નથી તેથી પ્રકૃતિના આયોજનમાં થતાં ફેરફારો પણ આપણે હેતુવિહિન અને નિરર્થક લાગવાની શક્યતા હોય છે. પ્રકૃતિની આત્મતત્ત્વને ઘડવાની રીતે અનોખી હોય છે એ જ સાચું છે.

## નૂતન વર્ષાભિનંદન

સહજ સત્સંગના ગ્રાહકો, દાતાઓ, શુભચિંતકોને આ નૂતન વર્ષ ચૈત્યપુરુષના સાક્ષાત્કાર રૂપ નૂતન - જન્મ બની તે દ્વિજ (બીજો જન્મ લીધેલો) બની જીવનના આર્થિક, સામાજિક, કૌટુંબિક, સાંસ્કૃતિક બધાં જ પાસાંઓમાં પ્રભુની અભિવ્યક્તિરૂપ પ્રગતિ કરી આંતરિક અને બાહ્ય નિરામય, આનંદમય જીવન જીવવા સમર્થ થઈ પ્રભુનું સપનું ભૌતિક સ્તરે સાકાર થાય એવી મંગલ ભાવનાઓ સાથેના નૂતન વર્ષાભિનંદન - ટ્રસ્ટીશ્રીઓ

# યોગ વિષે પત્રો
- શ્રી અરવિંદ

# મનસ્તત્વનું સ્વરૂપ

(ભાગ.૧, પૃ.૩૫૮-૩૬૪)

પ્રકરણ - ૧૮

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

યોગમાં પ્રવેશ્યા બાદ જ આ બધી સામાન્ય ગેરસમજો અનુભવથી અને આંતર-નિરીક્ષણથી દૂર થવા માંડે છે. યોગમાં વ્યક્તિની ચેતનાનાં બધાં જ સ્તરો, તેમનાં સાચા કાર્યો અને તેમનો આપસી-સંબંધ; આ બધાંનું સાચું જ્ઞાન હોવું પાયાનું ગણાવેલ છે.

મન ઉપર જે તત્ત્વનો પ્રભાવ પડે છે તે અનુસાર તેને આધ્યાત્મિક મન, ચૈતસિક મન, પ્રાણમય મન કે પાર્થિવ મન એવા શબ્દો આપણે વાપરીએ છીએ.

ચૈતસિક મન રચાતા વ્યક્તિ પ્રભુ તરફ સંપૂર્ણ વળી જાય છે. કોઈ માંગણી રહેતી નથી. સમર્પણભાવ સદા રહે છે. પ્રભુની પ્રેરણાને તે અનુસરે છે. તે સંપૂર્ણ રીતે ચૈત્યપુરુષના પ્રભાવ નીચે આવેલો હોય છે.

આધ્યાત્મિક - મન રચાતા વ્યક્તિ આત્મતત્ત્વ વિશે સભાન બનવા લાગે છે. અસીમ-ચેતનાનો અનુભવ આવે છે, દૃષ્ટાભાવ સ્થિર થાય છે. જીવન આત્માના આવિર્ભાવ માટે જ છે એ સત્ય જાણે છે. દિવ્યજ્ઞાન આંતરિક રીતે મેળવતો થાય છે. ચેતના મસ્તકની ઉપર સ્થિર થયેલી અનુભવાય છે. તેને 'ઉન્મની' અવસ્થા કહે છે. ચેતનાનો અવકાશ અથવા ચિદાકાશનો અનુભવ થાય છે. આધ્યાત્મિક-ધારણાશક્તિ અર્થાત્ આધ્યાત્મિક-અનુભૂતિઓ અનુભવવાની અને સમજવાની ક્ષમતા વિકસે છે. ઊર્ધ્વમન એ ખરેખર આધ્યાત્મિક-મનમાં પ્રવેશવાનો પ્રદેશ છે અને તે આધ્યાત્મિક-મનનો જ

સીમાપ્રદેશ ગણાય છે. તે આધ્યાત્મિક-મનમાં આંતરપ્રેરણાત્મક મનનો પણ સમાવેશ થાય છે અને અધિમનસનો પણ. શુદ્ધ મન અથવા સાચો મનોમયપુરુષ ચિંતનશીલ હોય છે. તે ચિંતન આધ્યાત્મિક વિષયોનું કે વિજ્ઞાન બાબતનું પણ હોઈ શકે છે. તેમાં પ્રખર-એકાગ્રતાનો અનુભવ થાય છે.

આંતરમન, આંતરપ્રાણ, આંતરપાર્થિવ તત્ત્વ આ શબ્દો જે તે પુરુષની (મનોમયપુરુષ, પ્રાણમયપુરુષ, પાર્થિવપુરુષ) એવી સ્થિતિ દર્શાવે છે જ્યારે તેઓ અશુદ્ધ અને નિમ્નઅવિદ્યામય પ્રકૃતિનાં પ્રભાવમાંથી મુક્ત થયેલાં હોય છે અને ચૈતસિક-પ્રભાવની નીચે કાર્ય કરતાં હોય છે. આ કક્ષા હ્રદયમાં ઊંડે ઊતરતી વખતે ચૈત્યપુરુષના સાક્ષાત્કાર પહેલાં અને બાહ્ય મન, પ્રાણ, શરીરનો પ્રદેશ વટાવ્યા પછી બન્નેની વચગાળાના પ્રદેશની હોય છે.

વિશાળતર મન એ કોઈ કક્ષા નથી પણ સ્થિતિ છે. તે બે રીતે પ્રાપ્ત થાય છે : વૈશ્વિક-ચેતનાની વિશાલતા પ્રાપ્ત કર્યા પછી અથવા મનની જ વિવિધ કક્ષાઓ બાબત એકી વખતે સભાન બનીને આ સભાનતા આપણી અંદર ઉતરતી વખતે આવે છે. શુદ્ધમનના સમગ્ર પ્રદેશને ત્રણ વિભાગોમાં વહેંચી શકાય છે - વિચારશીલ મન (ચિંતનાત્મક મન), ક્રિયાત્મક મન અને બહિર્મુખ મન. વિચારશીલ મન ચિંતનપ્રધાન હોય છે. તે જ્ઞાનપ્રક્રિયા સાથે સંબંધ ધરાવે છે.

ક્રિયાત્મક મન કોઈ વસ્તુ કરવા જે આયોજન કરવામાં વ્યસ્ત બની જાય છે તે સ્વરૂપનું હોય છે. તેમાં મનની વિવિધ ક્ષમતાઓ વાપરવામાં આવે છે. બહિર્મુખ મન આયોજનને વિચારો દ્વારા, વાણી દ્વારા, વર્તન દ્વારા પ્રગટ કરવા માટે પ્રયત્ન કરે છે.

શારીરિક - મન શરીરના સંચાલનમાં મગ્ન રહેલ મનનો પ્રકાર છે. તેને 'ભૌતિક-મન' પણ કહે છે.

મનસ્તત્વ અચેતન જડ પદાર્થમા પણ બીજસ્વરૂપે, અવિકસિત અવસ્થામાં હોય જ છે. તે પદાર્થ ચેતનવંતો થતાં તે પ્રગટ થાય છે અને અગ્ર ભાગે આવી કાર્ય કરે છે.

# ઉપનિષદો – શ્રી અરવિન્દ

## પરમ - શબ્દ

(ઉપનિષદો, પૃ.૧૨૪-૧૨૮)

1. Brahman is expressed in striking phrases eg. speech of speech. P. 125
2. It is an absolute expression of which human language is only a shadow. P. 125
3. In the vedic system the word was the creatrix. P. 125
4. Highest form of human language is revealation or inspiration. P. 125
5. Human speech only creates mental images i.e. mental form of object. P. 125
6. Mental image themselves are images of deeper realities. P. 125
7. In vedas that word is creative in a deeper and more original sense. P. 125
8. Brhaman itself cannot be so raised up before the mind by speech. P. 125
9. 9. We know from the modern science that vibration of sound has the power to create or destroy forms. P. 126
10. Speech is only a particular application of principle of

sound. P. 126

11. The value of human speech would seem to be only representative (i.e. presenting the presentation) and not creative. P. 126
12. The ancient vedic theory extended the original creative action by using Mantra. It is a word born out of the secret depths of our being where it has been brooded upon by a deeper consciousness. P. 126
13. The mantra can create subjective states but also create vibration in mental, vital and etherial atmosphere and produce material objects. P. 126
14. We only produce by the word thought vibration and thought forms. P. 126
15. Matter is only the lowest of the plane of existence. P. 126
16. The supramental vibration is behind the mental vibrations. P. 126
17. The supreme Lord creates supramental vibrations that word is vibration of pure-existence. P. 127
18. Even brahman is not expressed by any speech but speech is expressed by brahman. P. 127
19. The supreme ivord is shabda Brahman, the lower aspect of brahman. It does not express his very self. Brahman is known only by his own self- awareness. Oum is the supreme word and is his everlasting body

'brahmano rupam'. P. 727

20. Human speech is only a secondary expression and at its highest a shadow of the divine word, which is the omniscient and omnipotent speech of the eternal thinker. P. 128

21. Mantra can be its far off representation. P. 128

બ્રહ્મતત્ત્વનો કેનોપનિષદ ખૂબ જ સૂચક શબ્દોમાં ઉલ્લેખ કરે છે. તેને તે વાણીની વાણી કહે છે. આ શબ્દો પાછળનું રહસ્ય શું છે?

આપણે વૈદિક ઉદ્‌ગારોમાં વાપરેલાં શબ્દોને તેમના કાળમાંનાં અર્થો શોધીને સમજવા પડશે. વેદકાળમાં શબ્દને સર્જનાત્મક એટલે ફક્ત માનસ-પ્રતિમાઓ કે ભાવતરંગોનું સર્જન નહિ પણ ભૌતિકવસ્તુઓનું સર્જન કરનાર. આ ઊંડા અર્થમાં તેઓ શબ્દને સર્જનાત્મક ગણતા.

માનવી-ભાષા માનસિક-પ્રતિમાઓ આપણા ચિત્તમાં સર્જે છે તે વાસ્તવિકતા તો આપણે પણ જાણીએ છીએ પણ તે ભૌતિક વસ્તુનું સર્જન કેવી રીતે કરી શકે?

આ માટે વેદોની ભૌતિકતત્ત્વની કલ્પનાને સમજી લેવી પડશે. આપણે મનોમય જગત અને ભૌતિક જગતને જુદાં જુદાં ગણીએ છીએ પણ વેદકાળમાં ભૌતિકતત્ત્વ એટલે બ્રહ્મતત્ત્વની જ સહુથી નિમ્નકક્ષાની અભિવ્યક્તિ ગણતા. પણ બ્રહ્મતત્ત્વથી માંડી ભૌતિકતત્ત્વ સુધી અભિવ્યક્તિઓની એકથી એક વધુ સ્થૂળ અભિવ્યક્તિઓની પરંપરા સર્જાય છે જે અંતે ભૌતિક અભિવ્યક્તિમાં પરિણમે છે. ઉપરની કક્ષાની અભિવ્યક્તિ પોતાની કક્ષાની અભિવ્યક્તિ તો સર્જી શકે છે પણ ન્મિનકક્ષાની અભિવ્યક્તિ પણ સર્જે છે. આમ, સર્જનની પરંપરા ઠેઠ બ્રહ્મતત્ત્વથી માંડી ભૌતિકતત્ત્વ સુધી વિસ્તરેલી છે તે નીચેના ક્રમે છે : બ્રહ્મ - શબ્દબ્રહ્મ - અતિમનસ - મનસ - પ્રાણમય - સૂક્ષ્મપાર્થિવ - ભૌતિક અભિવ્યક્તિ.

આમ, આપણી માનવી - ભાષા જે મનોમય પ્રતિમાઓ સર્જે છે તે વચગાળાની જ અભિવ્યક્તિ માત્ર છે. તે પોતે ઉપરના ક્ષેત્રની અભિવ્યક્તિઓ દ્વારા નિર્માણ થઈ શકે છે અને તે પોતે નિમ્નક્ષેત્રમાં અભિવ્યક્તિઓ રચી શકે છે. આમ, માનવી - ભાષા જે અભિવ્યક્તિ રચે છે તે મૂળ અભિવ્યક્તિ નથી પણ વચગાળાની અભિવ્યક્તિ માત્ર છે.

વૈદિક મંત્રશાસ્ત્ર આ જ સિદ્ધાંત ઉપર આધારિત છે. તેનો મૂળ મંત્ર 'ઓમ્' છે. તે બ્રહ્મતત્ત્વની અભિવ્યક્તિ છે. આને બીજમંત્ર કહેવામાં આવે છે. તારક-મંત્ર કહેવામાં આવે છે. તંત્રે આવા વધારે બીજમંત્રો શોધી કાઢયાં છે, પણ તે તારક-મંત્રો નથી. જે મંત્ર બ્રહ્મચેતના સાથે તમારી ચેતનાને જોડીને તારે તે જ તારક-મંત્ર કહેવાય.

પણ બ્રહ્મતત્ત્વ પોતે જ ૐ નથી. ઓમ્ તો તેની એક અભિવ્યક્તિ માત્ર છે. બ્રહ્મતત્ત્વને ઓમ્થી જાણી શકાતું નથી તે તો બ્રહ્મતત્ત્વની પોતાની સ્વસભાનતાથી જ જાણી અનુભવી શકાય છે. હા, તેને ઓમ્ શબ્દથી સંબોધી શકાય છે. તે બ્રહ્મતત્ત્વનું નામ છે, જેમ વ્યક્તિ પોતે અને તેના નામ વચ્ચે તફાવત છે તેવો તફાવત બ્રહ્મ અને ઓમ્ વચ્ચે છે.

આજનું વિજ્ઞાન પણ આંદોલનો ભૌતિક વસ્તુનું સર્જન અને વિનાશ કરી શકે છે એવું માને છે. આ જ સિદ્ધાંત વેદોમાં વિશાળ ભૂમિકાથી સ્વીકારેલ છે.

દરેક રૂપ એ નિશ્ચિત આંદોલનનું પરિણામ છે એમ વેદો માને છે. ૐ એ રીતે જોતા મૂળ શુદ્ધ અસ્તિત્વનું તે આંદોલન છે. અતિમનસનાં આંદોલનો સર્જનાત્મક સંકલ્પ રચે છે. ૐ એ બ્રહ્મનો શબ્દ દેહ છે. તે શબ્દબ્રહ્મ છે.

આમ માનવી - ભાષા એ તો ગૌણ શ્રેણીની અભિવ્યક્તિ છે. તે ત્રીજા તબક્કાની અભિવ્યક્તિ છે. તે મૂળ દિવ્યશબ્દની છાયાની છાયા છે. મૂળ શબ્દ તો સર્વજ્ઞ અને સર્વશક્તિમાન છે. પણ નિમ્નકક્ષાએ તે પોતાની ક્ષમતાઓ ગુમાવતો જાય છે.

મંત્ર પોતે પણ મૂળ શબ્દનાં આધેના જ પ્રતિનિધિઓ માત્ર છે.

# વરુણનું સ્વરૂપ

(વેદનું રહસ્ય ભા.૨, પૃ.૧૧૭-૧૨૫)

પ્રકરણ -૧૫

**સમજૂતી** - માનસિંહ ચાવડા

વરુણ શબ્દ 'વૃ' ધાતુમાંથી બન્યો છે. 'વૃ'નો અર્થ છે વીંટળાઈને રહેવું. આ જ ધાતુ ઉપરથી 'વૃત્ર' શબ્દ પણ આવ્યો છે, જે અજ્ઞાનનો અસુર છે. તેનો અર્થ પણ છે અજ્ઞાનથી આવૃત્ત. તેનું જ્ઞાન મર્યાદિત અસ્તિત્વનું હોય છે, અસીમ નહિ. પણ તે તેવું જ્ઞાન જરૂર ધરાવે છે.

ઋષિઓએ તેમને જે પરમાત્માનો સાક્ષાત્કાર થયો છે તેનું વર્ણન કરતાં જણાવેલ છે કે તેણે સમગ્ર જગતને આકાશની જેમ અંદર બહારથી આવરી લીધું છે. તે બધે જ છે. જેટલો અંદર છે તેટલો જ બહાર. તેના વગરનું કોઈ સ્થળ નથી, કાળ નથી, અસ્તિત્વ માત્ર તેના આધારે ટકી રહ્યું છે. તે છે એટલે બધું છે. વસ્તુ માત્રમાં રહેલ અસ્તિત્વ (સત્) તે જ છે.

આ સ્થિતિનું વર્ણન કરતાં બે શબ્દો વપરાય છે. તે 'સર્વાન્તર્યામી' છે. તે 'સર્વત્ર' છે. તે અસીમ છે.

આત્માના આ પાસાને અભિવ્યત કરવાનું કામ વરુણ કરે છે, તેથી તેનું નામ 'વરુણ' છે. ઋષિઓએ તેને સાગર જેવો વિશાળ ગણ્યો છે. વરુણમાં એવી ક્ષમતા છે કે વૃત્રના જ્ઞાનને લીધે જે મર્યાદિત અસ્તિત્વ ચેતના અનુભવવા લાગે છે તેની તે અજ્ઞાનજન્ય સમજણનો તે નાશ કરી નાખે છે. ફક્ત જ્ઞાનની મર્યાદાઓ જ નહિ, પણ ક્ષમતાની મર્યાદાઓ, ઈચ્છાની મર્યાદાઓ બધાંનો જ તે નાશ કરે છે.

માનવી સ્વરૂપને ત્રણ મર્યાદાઓ છે. તે મન, પ્રાણ, શરીરનો બનેલો છે. આ વૈશ્વિક તત્ત્વોમાં આવી કોઈ મર્યાદાઓ નથી. પણ માનવી - સ્વરૂપની બાંધણીમાં વપરાયેલ અચેતન તત્ત્વને કારણે આ મર્યાદાઓ નિર્માણ થઈ છે. મનનું જ્ઞાન મર્યાદિત છે, ભેદયુક્ત છે. પ્રાણની શક્તિ ક્ષીણ અને મર્યાદિત છે. શરીરની ચેતના મર્યાદિત શરીર પૂરતી સંકુચિત થઈ ગઈ છે અને તેથી તેની સમજણ અને સંવેદનક્ષમતા પણ ઘટીને તે ધૂંધળી બની ગઈ છે. વેદો આને અવરોધક તત્ત્વો કહે છે, 'રોધસી' કહે છે. આ 'રોધસી'ના કારણે આ ત્રિવિધ પાશો, બંધનો તેના સ્વરૂપમાં નિર્માણ થયાં છે. આને વેદોમાં 'વરુણના પાશો' કહ્યા છે, કારણ વરુણની ક્ષમતાની કમરતાને કારણે, અલ્પતાને કારણે આ ત્રણ બંધનો રચાયાં છે. વરુણમાં પૂર્ણ દર્શના-શક્તિ છે જે વિવિધ સ્વરૂપે પ્રગટ થાય છે. (દર્શન, શ્રવણ વગેરે) તેને કારણે વરુણની સમજણ પૂર્ણ છે. તે પૂર્ણતાને કારણે આ માનવી-સ્વરૂપમાંના વૃત્રે નિર્માણ કરેલ ત્રણે પાશોનો વરુણ નાશ કરે છે અને માનવમાં સાચી સમજણ આવતા જ 'વૃત્ર' પોતે જ નાશ પામે છે. વરુણની વિશાળતા જ આ પૂર્ણદર્શનાની ક્ષમતા આપે છે. માનવ પણ ચેતનાની 'વિશાળતા' ધારણ કરે તો ત્રિવિધ મર્યાદાઓને નાથી શકે છે.

વરુણ અને બૃહસ્પતિ (બ્રહ્મણસ્પતિ)નાં દિવ્ય કાર્ય વચ્ચેનો સૂક્ષ્મ તફાવત સમજી લેવો જરૂરી છે.

વરુણ અને બૃહસ્પતિ બન્ને ચેતનાની વિશાળતા આપે છે, તો તેમના કાર્ય વચ્ચે તફાવત શો પડાવો ? બે જુદાં જુદાં દેવતાને એક જ કાર્ય આપવાનું પ્રયોજન શું ? આનો જવાબ વેદોના સૂક્તમાં અછડતો મળે છે. વેદોનુસાર પરમ ચેતના વ્યક્તિ - સ્વરૂપની ઉપર અને નીચે બન્ને અંતિમ ટોચે રહેલી છે. અવચેતન અને અચેતનના નીચે તેમ જ ઊર્ધ્વમાં દિવ્યમનસની ઉપર. વ્યક્તિ ચેતનાના વિકાસમાં મદદરૂપ થવા ઊર્ધ્વ પરમચેતના વ્યક્તિચેતનામાં અવતરણ પામે છે, જ્યારે નિમ્ન પરમ - ચેતના ઊર્ધ્વારોહણ કરે છે. વેદોમાં પરમ - ચેતનાના અવતરણને સ્વર્ગની નદીઓનું અવતરણ તરીકે અને પરમ ચેતનાનું આરોહણ કુંડલિની શક્તિનું આરોહણ તરીકે દર્શાવેલ છે. બન્નેનો સમન્વય નાભિકેન્દ્રમાં

થાય છે (આનું વર્ણન શ્રી અરવિન્દના સાવિત્રી મહાકાયમાં તેમ જ  શ્રી માતાજીના પ્રાર્થના અને ધ્યાનમાં વિગતવાર આપેલ છે.) ત્યારે જ વ્યક્તિ - ચેતનાના નિર્વિઘ્ન વિકાસની શરૂઆત થાય છે.

ઊર્ધ્વ - ચેતનાની વિશાળતાનું અવતરણ એ બૃહસ્પતિનું ખાસ કાર્ય છે અને અવચેતન અને અચેતનમાંથી નિમ્ન પરમ ચેતનાની મુક્તિ અને તેનું આરોહણ એ વરુણનું કાર્ય છે. આ તેમના કાર્યનો મૂળભૂત તફાવત છે. આ સિવાય નીચેના બે ગૌણ તફાવત પણ તેને કારણે જ પડે છે :

૧ નિરાકાર અસીમતાનો સાક્ષાત્કાર એ બૃહસ્પતિનું કાર્ય છે. સાકાર રૂપોમાં અસીમતાનો સાક્ષાત્કાર એ વરુણનું કાર્ય છે.

૨. બૃહસ્પતિના કાર્યનું મહત્ત્વનું પાસું જ્ઞાન - સ્વરૂપનું છે, જ્યારે વરુણનું શક્તિ - સ્વરૂપનું છે. શરૂઆતમાં આ બન્ને તત્ત્વો વિખૂટા હોવાથી દિવ્યજ્ઞાન વ્યવહારમાં પરિણામ શૂન્ય દેખાય છે, તેમ જ શક્તિ દિશાશૂન્ય અને સમજણ વગરની ફાંફાં મારતી લાગે છે. બન્નેનો મિલાપ જ બન્નેની નબળાઈ દૂર કરીને પરિણામકારક સદાવિજય દિવ્ય-શક્તિનો આવિર્ભાવ કરે છે. તે જ વ્યક્તિ ચેતનાના વિકાસને નિશ્ચિત અને વિરોધવિહીન વેગ આપે છે.

અવચેતન અને અચેતન ઉપર નિયંત્રણ અને વિજય એ વરુણનું ખાસ કાર્ય છે.

વરુણનાં સ્વરૂપ બાબત સૂક્તોમાં વધારે વિગતો મળતી નથી, તેથી તેનું સ્વરૂપ, વ્યક્તિત્વ ગૂઢ અને ધૂંસરું લાગે છે. કારણ તેનાં કાર્યો મૂળભૂત અને વિશાળ, નજરે ન ભરાય એવા હોવાથી તે ધ્યાનમાં ઓછા આવે છે. તેમના અમુક કાર્યો અન્ય દેવોના નામે ચડી ગયાં છે, તેથી તેની અલગતા, વિશિષ્ટતા દેખાતી નથી. તેથી તેમના બાબત ગેરસમજો છે. દા.ત.

૧. જૂના ભાષ્યકારો તેમને રાત્રીના દેવ ગણે છે. અર્થાત્ અચેતન અને અવચેતનને નિયંત્રિત કરતા દેવ ગણે છે.

૨ યુરોપિયન વિદ્વાનો તેમને ગ્રીક પુરાણમાંના યુરેનસ સાથે એકરૂપ ગણે છે; કારણ તે ગૂઢ દેવતા છે.

# અતિમનસનો આવિર્ભાવ

પ્રકરણ - ૪૦

(પૃ.૧૬૭-૧૭૨)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1 The usual idea of the occultists about it (bad conditions of the world) is that the worse they are, the more is probable the coming of an intervention or a new revelation from above. P. 167

2 I know with absolute certitude that the supramental is a truth and that its advent is in the very nature of things inevitable. P. 167

3 In the terrestial world the predetermined result (of appearance of the supramental) is hidden and what we see is a whirl of possibilities and forces attempting to achieve something with the destiny of it all concealed from humaneye. P. 167

4 A number of souls have been sent to see that it shall be now. P. 167

5 The present (world, not human civilisation) must surely change, but whether by a destruction or a new construction on the basis of a greater truth, is the issue. The mother has left the question hanging and I can only do the same. P. 168

6 Confusion, trouble, disorder and upset everywhere is the general state of things. The better things that are to come are preparing or growing or growing under the veil and the worse are prominent everywhere... hold on and hold out till the hour of light has come. P. 168

7 Hindu culture... is not easily to stamped out, it has lasted through 5 millaniams at least and is going to carry on much-longer. P. 168

8 Doubt, discouragement, diminution or loss of faith, wanning of the vital enthusiasm for the ideal, perplexity and baffling of the hope for the future are the common features of the difficulty (due to the Yoga having come down against the bed-rock of Inconscience). P. 169

9 At the present stage the progressive supramentalisation of the Overmind is the first immediate preoccupation and a second is the lightening of the heavy resistance of the Inconscient and the support it gives to human ignorance. P. 169

10 All this was necessary because certain possibilities had to emerge and be got rid of, if new & better world was at all to come in to being. P. 171

11 India is free and her freedom was necessary if the Divine work was to be done. P. 172

ગૂઢવાદીઓ એવું માને છે કે જેમ જેમ તેમના જીવનમાં અથવા સૌના જીવનમાં વધુ સમસ્યાઓ ઘેરાવા માંડે તેમ તેમ પ્રભુનો હસ્તક્ષેપ અથવા નવી અનુભૂતિનું પ્રભાત ઉગવામાં જ છે એવો દ્રઢ વિશ્વાસ રાખવો. પ્રભાત પહેલા રાત્રી વધારે ઘેરી બની જ જાય છે.

અતિમનસનું અવતરણ એ ઉત્ક્રાંતિના ભાવિ તબક્કા તરીકે એક અત્યંત જરૂરી છે તેની મને પૂરેપૂરી દ્રઢ શ્રદ્ધા છે. મનોમય ચેતનાની અપૂર્ણતાઓમાંથી ઉપર ઊઠીને પ્રભુને પ્રગટ થવાનો તે જ માત્ર માર્ગ છે. પણ આ ઘટના ક્યારે થશે અને તે કયા સ્વરૂપે બનશે તેની કોઈ પણ આગાહી કરવી શક્ય નથી, કારણ ઉત્ક્રાંતિમાં તે પ્રથમ વખત થનારી ઘટના છે. બીજું, હાલની પરિસ્થિતિ કેવી રીતે સ્વરૂપ લેશે તેની કોઈ ખાતરી નથી.

પણ અતિમનસના અવતરણની ઘટના ઊર્ધ્વ-કક્ષાએ નિશ્ચિત નિયતિ બનેલી છે. તે નિયતિને ભૌતિક સ્તરે વાસ્તવિક કરવા અનેક વિશ્વશક્તિઓ સારી અને નરસી વચ્ચે એક તુમુલ સંઘર્ષ ચાલી રહ્યો છે, જે આજના તબક્કે એક ઘૂમરીયા ખાતી અનિશ્ચિત પરિસ્થિતિ જેવી લાગે છે. પણ આ બાહ્ય આભાસ નીચે પેલી નિયત-ઘટના તો ધીમે ધીમે પ્રગટ થવા આગળ વધી જ રહી છે.

તે ઘટનાને સાકાર કરવા અનેક દિવ્ય-આત્માઓને સમગ્ર પૃથ્વી ઉપર ઠેર ઠેર મોકલેલા છે અને તેઓ જન્મ લઈને પોતાની ક્ષમતાઓ વિકસાવી રહ્યાં છે અથવા તે માટે કામ કરતાં થઈ ગયા છે.

સારાંશ, આજની સ્થિતિ બદલાશે એ નિશ્ચિત છે, પણ તે પોતાના બદલાવ માટે રચનાત્મક અભિગમ સ્વીકારશે કે વિધ્વંશાત્મક એ નિશ્ચિત રીતે કહેવું આજના તબક્કે મુશ્કેલ છે. શ્રી અરવિન્દ રચનાત્મક અભિગમ માટે પ્રયત્ન કરી રહ્યાં છે છતાં તે રીતે રચનાત્મક રહેવાની શક્યતા બહુ જ ઓછી છે. અમુક તત્ત્વોનો નાશ જરૂરી છે જ.

શ્રી માતાજીએ આ પ્રશ્ન પ્રભુ ઉપર છોડીને પોતાનું કાર્ય કરવાનો અભિગમ લીધો છે અને શ્રી અરવિન્દ પણ તે જ અભિગમ સાથે પોતાનું કાર્ય કરી રહ્યાં છે. સાધકે આશાવાદી કે નિરાશાવાદી ન બનતા વિકસતી સ્થિતિ ઉપર ચાંપતી નજર રાખીને પોતાની સાધનાકીય પ્રવૃત્તિઓ ચાલુ રાખવી નિતાંત જરૂરી છે.

હાલના તબક્કે સર્વત્ર ગૂંચવણો, યાતના, મુશ્કેલીઓ, અવ્યવસ્થા અને વિપરીત ઘટનાઓનો સિલસિલો એ આ સર્વસાધારણ દેખાતી પરિસ્થિતિનાં

લક્ષણો છે. પણ તેનાં ઓઠાં નીચે જે વસ્તુઓ ભવિષ્યમાં પ્રગટ થવાની છે તે વસ્તુઓ આકાર લઈ રહી છે અથવા તેમણે આકાર લઈ લીધો પણ છે. પણ દુર્ગતિ અને દુર્ભાગ્ય એ હાલનાં મહત્ત્વનાં લક્ષણો રહેવાનાં છે. સાધક તરીકે આપણે સમતાથી, ધીરજથી પોતાની સાધનામાં દૃઢ થઈને આગળ વધતા રહેવું આ જ માર્ગ છે.

છતાં હિટલરનો પરાભવ અને સમગ્ર જગતનું વિનાશમાંથી પાછા આવવાની ક્રિયા તો સ્પષ્ટ સંકેતો છે. ભારતીય સંસ્કૃતિ જેણે ભારતનું આધ્યાત્મિક સત્ત્વ ટકાવી રાખ્યું છે તે એવી નબળી તો નથી જ કે આવા ધક્કા પચાવી ન શકે. તે પાંચ હજાર વર્ષ ટકી છે અને હજી તેણે ઘણાં કાર્યો કરવાનાં છે. તેમાં પુનર્જીવન અને રૂપાંતરિત થવાની ગજબની ક્ષમતા છે.

આ બધી દુર્દશામાંના વધારા એને કારણે છે કે યોગ હવે એવા તબક્કામાં પ્રવેશ્યો છે જ્યાં તેને અચેતન અને અવચેતના સાથે પનારાં પડ્યાં છે. આ બધી સમસ્યાઓ અચેતન અને અવચેતનના પોતાના અસ્તિત્વને ટકાવી રાખવાના હવાતિયાં રૂપ છે. જે પરિસ્થિતિ રચાઈ છે તેમાં શંકા-કુશંકા, અવસાદ અને ગ્લાનિ, વિશ્વાસ અને શ્રદ્ધાની ખામી, મહાન આદર્શો પ્રત્યે ઉત્સાહનો અને આત્મવિશ્વાસનો અભાવ, ભવિષ્યું ધૂંધળું ચિત્ર, સમસ્યાઓનો ઘેરાવો; આ બધાંજ લક્ષણો તેમાં છે. ભૌતિક જગતમાં પણ વધતું જતું ગાંડપણ, દરેક વસ્તુમાં અશ્રદ્ધા અને પ્રમાણિકતામાં દેખાતી ઓટ, ભ્રષ્ટાચારના ખુલ્લેઆમ બેશરમ દાખલા, ખાવુંપીવું, ધન કમાવું, એશો-આરામ, શારીરિક આનંદ, સાત્ત્વિક આનંદ પ્રત્યે ઉપહાસ, અને આમ જ બધું ચાલે છે અને ચાલશે એવી લોકોની સર્વસામાન્ય માન્યતા; આવા લક્ષણો સ્પષ્ટ દેખાઈ રહ્યાં છે.

પણ આ મહારાત્રી પણ ઉલેચાશે જ.

શ્રી અરવિન્દનો પ્રયત્ન અતિમનસની કક્ષાએ ઊર્ધ્વારોહણ કરીને ત્યાં સ્થિર થવાનો નથી પણ તેના અમુક પ્રમાણને આ ભૌતિક જીવનમાં પ્રભાવ પાડતા કરવાનું છે, પણ હાલમાં તે શક્ય નથી. હાલમાં તો અધિમનસ જે

હાથવગું થયું છે તેને અતિમાનસિક કરવાનો પ્રયત્ન ચાલુ જ છે અને તેની મદદથી અવચેતન અને અચેતન જે ભારે દબાણ માનવ-ચેતનામાં લાવી તેને અજ્ઞાનમાં જકડી રાખવાનો પ્રયત્ન કરી રહ્યું છે તેને હળવો બનાવીને તેની પકડ ઢીલી પાડવાની છે. વિશ્વયુદ્ધ એ અજ્ઞાનનું જ કાર્ય છે. શ્રી અરવિન્દના પ્રયત્ન અધિમાનસિક કક્ષાના હોવાથી તેમને અવરોધો વચ્ચે જ કામ કરવાનું રહેશે અને સંઘર્ષના અંતે જ તેના કાંઈક અધૂરાં પરિણામો દેખાશે. ભારતનું વિભાજન પછીનું સ્વાતંત્ર્ય એ જ તેનો સ્પષ્ટ દાખલો છે.

પણ હાલની દુરાવસ્થા એ એક જરૂરી પ્રક્રિયા છે. માનવ-ચેતનામાં જે ઊંડે ઊંડે અવચેતન અને અચેતનના અડ્ડા છે તે સપાટી પર આવે એ તેમના નાશ માટે જરૂરી છે.

શ્રી અરવિન્દને આ ઘેરી પરિસ્થિતિઓ નિરાશ કરી શકવાની નથી. તેમને પોતાના કાર્યની સત્યતાની ગળાડૂબ ખાતરી છે.

ભારતનું સ્વાતંત્ર્ય આ માટેની એક જરૂરિયાત હતી પણ તેને પણ ઘણી સમસ્યાઓમાંથી પસાર થયા બાદ જ તેના જીવનનું લક્ષ્ય સ્પષ્ટ થશે.

---

(અનુ. પૃ.૧૧ ઉપરથી)

## દિવ્ય-જીવન

સ્વરૂપ ચેતના જ જ્ઞાતા અને જ્ઞેયની ચેતના વચ્ચે એક પૂલ રચે છે. બંને વચ્ચે સંબંધ સ્થાપિત કરે છે અને તેથી એકતા સ્થાપિત થઈને વસ્તુનું જ્ઞાન જ્ઞાતાને થાય છે. આ પૂલને તેઓ 'વૃત્તિ' કહે છે. અહંકારમાંથી નીકળેલો ચેતનાનો પ્રવાહ બુદ્ધિ, મન તથા ઇન્દ્રિયોમાંથી પસાર થઈને જે વસ્તુ જાણવી છે તેને આવૃત્ત કરીને તેની ચેતના સાથે સંપર્ક સાધે છે અને આ ચેતનાનો સેતુ સ્થાપન થવાથી આપણને તે વસ્તુનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. આપણો અહંકાર તે વસ્તુને જાણી શકે છે. આ રીતે આપણો અહંકાર વૃત્તિ દ્વારા પેલા ચેતનાના સેતુ દ્વારા વસ્તુની ચેતના સાથે સંપર્ક સાધીને જ્ઞાન મેળવતો હોય છે. જે વસ્તુને અને અહંકારને આવૃત્ત કરી નાંખે છે. ઢાંકી નાખે તે વૃત્તિ.

# યોગ પર દીપ્તિઓ -શ્રી અરવિન્દ

અવતરણો

(ભાગ-૧, પ્રકરણ ૩ પર આધારિત)

પ્રકરણ - ૪૬

## બુદ્ધિને પ્રભુ તરફ વાળવી

**સમજૂતી – કમલેશ માંડવિયા**

- .....ભાવ પ્રધાન ચિત્તમાં..... સત્યના અવતરણનો સ્વીકાર..... તેમ ચિંતન કરનાર મન વડે..... તે સત્યના અવતરણનો સ્વીકાર ન કરી શકે એવું કંઈ નથી. પૃ.૪૨
- ..... બીજા કરણોની પેઠે એનું પણ રૂપાંતર કરવાનું (છે)..... પૃ.૪૨
- પ્રાણની સામાન્ય અને અશુદ્ધ પ્રવૃત્તિ..... સ્થૂળ દેહની ચેતનાનો જડતાભર્યો તમોગુણી વિરોધ..... તે જ પ્રમાણે બુદ્ધિની પ્રવૃત્તિ સામાન્ય અને અસંસ્કૃત હોય તો તે ..... અંતરાયરૂપ નીવડે છે. પૃ.૪૨
- ..... કેવળ માનસિક ચેતનાની અશાંત પ્રવૃત્તિથી..... સાવચેત રહેવું..... કારણ કે (તે) અધ્યાત્મિક અનુભૂતિ સહજ..... રૂપમાં થવા દેતી નથી. પૃ.૪૨-૪૩-..... અથવા તો આપે છે તો પણ ..... વિકૃત કરી નાખે છે. ..... પૃ.૪૩
- પોતાના ગજા બહાર..... અતિગહન એવી વસ્તુઓ વિષે નિર્ણય કરનારી ગર્વિષ્ઠતા બુદ્ધિમાં હોય છે. પૃ.૪૩
- ..... સ્થુળથી પર એવી ઈન્દ્રિયાતીત વસ્તુઓની સમજુતી તે કેવળ સ્થૂળ વડે આપવા પ્રયત્ન કરે છે. પૃ.૪૩
- પરંતુ જો બુદ્ધિ પોતાનું સમર્પણ કરે, સત્ય પ્રત્યે ખુલ્લી થાય, સ્થિર બને..... તો..... રૂપાંતરની પૂર્ણતા સાધવામાં તે એક સહાય ન બની શકે એવું કંઈ નથી. પૃ.૪૩

યોગ સાધનામાં બુદ્ધિનું જે કાર્ય છે અને કઈ રીતે પોતાને પ્રગટ કરે છે વિષે શ્રી અરવિદ સમજાવી રહ્યા છે.

સાધનામાં જે મુખ્ય ત્રણ અંગો છે, મન, પ્રાણ અને શરીર તેના દરેકમાંની પોતાની આગવી વિશેષતાને કારણે પણ સત્યનો સાક્ષાત્કાર કરી શકાય છે. પ્રાણની શુદ્ધ ભાવના, ભક્તિ અને સમર્પણ દ્વારા સત્ય પ્રાપ્ત થઈ શકે છે. મનમાં એક પ્રકારના પ્રકાશિત અને સમર્પિત ચિંતન દ્વારા પણ સત્યને પામી શકાય છે અને તે એક સાધનાનું મુખ્ય અંગ પણ છે કારણ કે દરેક કરણોએ ઊર્ધ્વ સત્યને પોતાનામાં અવતરણ કરાવીને રૂપાંતર કરવાનું હોય છે.

પ્રાણની અશુદ્ધિઓ આસક્તિઓ વિગેરે, સ્થૂળ દેહનો જડતાભર્યો વિરોધની જેમ જ બુદ્ધિ પણ જો સંવાદમય, સુસંસ્કૃત, નમનીય અને સરળ ન હોય તો આધ્યાત્મિક અનુભૂતિમાં તે બાધારૂપ બને છે.

કેવળ માનસિક આદર્શો, કે બુદ્ધિની મિથ્યા પ્રવૃત્તિઓથી સાધકે દૂર જ રહેવું જોઈએ, કારણ આવા અશુદ્ધ વાતાવરણમાં ચૈતસિક કે અધ્યાત્મિક અનુભૂતિ આવતી જ નથી અને જો આવે છે તો પણ તે એક પ્રકારની શુષ્ક, ગર્વિષ્ઠ પ્રકારની હોય છે અને તે પ્રભુને પામવાને નિષ્ફળ જાય છે. તેનું મૂળભૂત સ્વરૂપ જ વિકૃત હોય છે અને તેથી તે સાધકને એક ન સમજાય એવી મુશ્કેલીમાં મૂકી દે છે.

એક શાંત, પ્રકાશિત, સમર્પિત અને વિશાળતામાં સત્યના અવતરણને સ્વીકારવાને બદલે તેને તે સાવ શુષ્ક અનને વાંઝણું બનાવી દે છે. વળી કયારેક તે પોતાના ગજા બહાર અને અતિગહન વસ્તુઓ માટે બુદ્ધિ પોતાનો નિર્ણય ઘોષિત કરે અને તે એક જ સાચો છે તેમ માનીને બાહ્ય કારણો દ્વારા તેની સમજુતી આપવા પ્રયત્ન કરે છે. સત્યની જગ્યાએ પોતાની માનસિક કલ્પનાઓ અને વિચારોને ખપાવે છે અને તે જ રીતે અનુસરવા સાધકને દોરે છે.

પરંતુ આ બધા જ કરણોનું રૂપાંતર શક્ય છે તેમ શ્રી અરવિન્દ જણાવે છે. જો બુદ્ધિ પોતાનું સમર્પણ કરે, એક ઉચ્ચ એવી સત્ય ચેતનાને સમર્પિત થાય અને તેના સત્ય પ્રત્યે ખુલ્લી થઈ તેમાં સ્થિર થાય તો એક દિવ્ય અને અધ્યાત્મિક અનુભૂતિઓ મેળવવાનું અને તેને આત્મસાત કરવાનું વાતાવરણ રચાય છે. આ દિવ્યતામાં બુદ્ધિ પણ એક કરણ તરીકે જોડાય છે અને જે આંતરિક રૂપાંતર સાધવાનું છે તેમાં તે એક સહાય અને આધાર બની જાય છે.

# શરીરની અમરતા

(૧૫-૮-૨૩) (પૃ.૨૨૫ - ૨૨૬)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

શિષ્ય : તમારો પ્રશ્ન શારીરિક અમરતા પ્રાપ્ત કરવાનો છે.

શ્રી અરવિન્દ : હા, જો શરીરને તદ્દન આક્રમણ મુક્ત બાહ્ય અને આંતરિક રીતે કરી શકાય તો શરીરના મૃત્યુનો પ્રશ્ન ઉકલી જાય પણ હું શરીરની અમરતાનો અર્થ કાયમી સનાતન શરીર રહે તેવો નહીં. પણ યોગી ઈચ્છે ત્યાં સુધી આવરદા લંબાવવાની તેની ક્ષમતા અને સ્વૈચ્છિક મૃત્યુની માન્યતા સાથેનો છે. મૃત્યુ બાબતની પણ તેણે સ્વતંત્રતા મેળવવાની છે. કાયદાકીય નહી પણ નૈસર્ગિક. કારણ એક જ શરીર એકધારું ધારણ કરી રાખવું એ પણ બંધન જ છે અને તે નીરસ બની જાય છે.

શિષ્ય : વેદાન્તમાં મનમાં શરીરની નશ્વરતા અને આત્માની શાશ્વતતાનો સાક્ષાત્કાર થાય છે શું તેવો જ આ સાક્ષાત્કાર હશે?

શ્રી અરવિન્દ : ના દા.ત. મનોમય સમતા જુદી વસ્તુ છે અને અતિમનસ સમતા અર્થાત્ દિવ્યસમતા જુદી વસ્તુ છે. મનોમય સમતા ટકાવવા કાયમ પ્રયત્ન કરવો પડે છે. પરહેજી પાળવી પડે છે. અભ્યાસ ચાલુ રાખવો પડે છે. જ્યારે દિવ્યસમતા તે તમારી ચેતનાનો કાયમી સ્વભાવ બની જાય છે. તેમાં સમતાની નિશ્ચિતતા સોએસો ટકા હોય છે અને તે પણ કાયમી સ્વરૂપે.

આવો જ તફાવત મને જ્ઞાનનો સંકલ્પ અને સંકલ્પના જ્ઞાન બાબત અતિમનસ સાક્ષાત્કાર પછી જણાયો. મનોમય રીતે આત્મજ્ઞાન અર્થાત્ આત્મભાન ટકાવી રાખવાનો દૃઢ સંકલ્પ એ વસ્તુ અલગ છે. તેમાં તમારા સંકલ્પને સદા દૃઢ રાખવાના પ્રયત્નો કરવાનાં હોય છે. તેની સભાનતા સતત પ્રયત્નથી ટકાવવી પડે છે. જ્યારે સંકલ્પનું જ્ઞાન એટલે પ્રભુનો એક સનાતન સંકલ્પ છે જ અને તે રીતે જ થવાનું છે, એ બાબતની સભાનતા એ જુદી વસ્તુ છે. તેમાં સંકલ્પની ઘટના આત્માની કક્ષાની હોય છે. અતિમાનસિક હોય છે. માનસિક હોતી નથી અને તે સંકલ્પ સનાતન છે તેની પણ ખાતરી હોય છે.

શિષ્ય : શરીરની અમરતા બાબતનું કાર્ય ક્યારે પૂર્ણ થશે ?

શ્રી અરવિન્દ : તેની કોઈ ખાતરી આપી શકે એમ નથી.

શિષ્ય : હાલનાં તમારી ઉપરનાં વિરોધી બળોના હુમલાનું સ્વરૂપ શું હતું.

શ્રી અરવિન્દ : જ્યારે હું સાધનાના નિશ્ચિત તબક્કાને સિદ્ધ કરવાના અણી ઉપર હોઉ છું ત્યારે કાયમ એક ઘટના બને છે. ત્યારે સચેતન વિરોધી બળો મારા ઉપર હુમલો લઈ આવે છે. તેમાં તેઓ મારા સ્વરૂપમાંની કોઈ નબળી અવસ્થાને મોટું સ્વરૂપ આપીને દર્શાવે છે અને ઉગ્ર રીતે ટીકા કરતાં જણાવે છે કે તેની સાધનામાં પ્રગતિ જરા પણ થઈ નથી. તમે ક્યાં આ વસ્તુ ઉપર વિજય મેળવ્યો છે. તેઓ શંકાકુશંકાનું વાતાવરણ રચવા પ્રયત્ન કરે છે. જો તેમાં ન ફાવે તો તેથી વધારે આકરા પગલાં લે છે. શરીરને અપાય થાય એવી ઘટના નિર્માણ કરે છે. આ વખતે આ તબક્કે વાત પહોંચી ગઈ હતી.

શિષ્ય : વેદોમાં અતિમનસની વાત આવે છે.

શ્રી અરવિન્દ : હા બહુ જ સ્પષ્ટ રીતે આવે છે. એટલું જ નહી તેઓ તે વિજ્ઞાનમય ચેતનામાં આરોહણની પણ વાત કરે જ છે. પણ

તેઓ તેના અવતરણ ઉપર અને તેની મદદથી નિમ્નપ્રકૃતિના રૂપાંતર ઉપર બહુભાર નથી મૂકતા. (તેનું કારણ એ હશે કે તેમણે એમ ધારી લીધું છે કે એક વખત યોગીની ચેતના વિજ્ઞાનમય ચેતનામાં સ્થિર થઈ ગઈ કે પછી બાકીની વિગતો (રૂપાંતર વગેરે) એ સમયના પ્રશ્નની વાત બની જાય છે. તે પ્રક્રિયા પોતાની મેળે શરૂ થશે એવું ધારે છે અને પોતાની મેળે પૂર્ણ થશે. જેમ ચૈત્યપુરુષ અગ્રભાગે આવી જાય છે તો તે પોતે જ મન, પ્રાણ, શરીરના રૂપાંતરનું કામ ઉપાડી લે છે. વાતમાં સત્ય જરૂર છે. પણ વાસ્તવિક રીતે કોષોમાંના અવચેતનને હટાવવા અને નાશ કરવા સંકલ્પનું દબાણ મૂકવું જ પડે છે. તે માટે વધારે ઉગ્ર અવતરણ પણ સંકલ્પ સાથે કરાવવું જરૂરી છે.)

શિષ્ય : વેદોમાં શારીરિક વિજયની વાત આવે છે?

શ્રી અરવિન્દ : હા, તે પણ આવે જ છે. દિવ્યશરીરની વાત, આંગિરસ (પ્રકાશમય) શરીરની વાત વેદોમાં છે જ.

શિષ્ય : વેદકાળમાં અતિમનસને ભૌતિકકક્ષા સુધી લઈ આવ્યો હોય તેના કોઈ પુરાવા કે ઉલ્લેખ છે.

શ્રી અરવિન્દ : તેવા કોઈ વિષે હું જાણતો નથી. (દધિચિઋષિએ પોતાના શરીરમાં વિજ્ઞાનમય ચેતના ઉતારી પોતાના હાડકાં દિવ્ય કરેલાં એવી આખ્યાયિકા આવે છે. તે હાડકામાંથી જ ઈન્દ્રનું વજ્ર બનેલું અને તેની મદદથી જ તેણે વૃત્રાસુરનો વધ કરેલો એવું જણાવેલ છે વૃત્રાસુર એટલે અવચેતન એ સ્પષ્ટ છે અને અવચેતનનો નાશ અતિમનસ જ કરી શકે છે એ વાત નિર્વિવાદ છે. તેથી આ આખ્યાન તે બાબતમાં સૂચક છે.)

# નિર્ઋતિ, પણિ, અસુર, રાક્ષસ

પ્રકરણ - ૧૫

જેમ નિર્મળ એટલે મળ રહિત, તેમ નિર્ઋતિનો અર્થ જે ઋત્ નથી તે, એવો થાય છે. તે અર્થમાં વિનાશ, પ્રલય, દુર્ભાગ્ય, રોગ, વિપત્તિ આ બધાં નિર્ઋતિનાં વિવિધ સ્વરૂપો ગણાય છે. આ અર્થ અર્થવવેદમાં જણાવેલ છે. જ્યાં વૈદ્ય કહે છે કે નિર્ઋતેરુપસ્થાદ સ્પર્શમેનં શતશારદાય (અથર્વ ૩-૧૧૨) અર્થાત્ તે રોગગ્રસ્ત વ્યક્તિ નિર્ઋતિ પાસે પહોંચી ગયો હશે તો પણ હું તેને ત્યાંથી સો વર્ષ જીવવા પાછો લાવીશ. પાપ એ જ નિર્ઋતિ છે પાપ્પાનં નિર્ઋતિમપાદનત..... (શ.બ્રા.૭-૨-૧-૩)

આ નિર્ઋતિ એ રચેલી સૃષ્ટિ એટલે અસુરો, રાક્ષસો, પિશાચ વગેરે યોનિઓ તેમાંનો જ એક સમૂહ એટલે પણિ સમૂહ.

પણિ નામનો અસૂર રસાતળની પણ પેલે પારના ક્ષેત્રનો હતો. સપ્તપાતાળમાં પણિઓ જ રહે છે. તેણે ઈન્દ્રની ગાયો ચોરી. સરમા નામની દેવોની કૂતરીએ તે ગાયોને પાતાળમાંથી શોધી કાઢી. પણિ રાક્ષસે તેને પ્રલોભન આપવા પોતાની બહેન માનીને ઘણી સમૃદ્ધિ આપવાની વાત કરી પણ સરમા ઈન્દ્ર પ્રત્યે એકન્ષ્ઠિ રહી. પણ પાછા જતા પહેલા તે ગાયોનું દુધ માંગ્યું. તે દુધનો પ્રભાવ ઝેર જેવો થયો. સરમા બેશુદ્ધ થઈ ગઈ. છતાં જેમ તેમ કરી ઇન્દ્ર પાસે પહોંચી. ઇન્દ્રે ગાયો વિષે પૂછતાં તે યોગ્ય જવાબ ન વાળી શકતા ઇન્દ્રે લાત મારી. તેથી તેને દૂધની ઉલટી થઈ. સરમાં પાછી પણિ પાસે ગઈ. તેનો પીછો ઇન્દ્રે કર્યો અને પણિઓના નગરોનો નાશ કરીને પુરંદર પદવી મેળવી. (પુરનો, ગામનો નાશ

કરનાર)

કથાનું રહસ્ય આ છે ઇન્દ્ર. એટલે પ્રકાશમય મન. તેમાંથી આવતી આંત પ્રેરણા એટલે સરમા, તે આંતર પ્રરેણાથી સાધકના અવચેતનમાં (રસાતળમાં) છૂપાએલી ચેતનાના પ્રકાશને, ગાયોને શોધી કાઢે છે. આંતરપ્રેરણા ઉપર અવચેતનનો પ્રભાવ પડવાથી તે સાચું કાર્ય કરતી નથી. તેની શુદ્ધિથી જ તે સાચા કાર્ય તરફ વળે છે. ઉલટી થવી એ શુદ્ધિકરણની પ્રક્રિયા દર્શક છે. ઇન્દ્ર તેવી વિશુદ્ધ પ્રેરણાઓને અનુસરીને ફરી પોતાના પ્રકાશને (ગાયોને) મુક્ત કરે છે અને અવચેતનનો નાશ કરે છે.

પણિનો અર્થ લોભીયો અને ધૂતારો. વેદકાળમાં 'પણ' એ પૈસાનું માધ્યમ હતું જેને ગિન્ની સુવર્ણમુદ્રા કહે છે.

વેદોમાં અરાતિનો ઉલ્લેખ જોવા મળે છે. અરાતિ પરમ-ચેતનાના આવિર્ભાવમાં વિઘ્નો નાખે છે. અરાતિનો અર્થ અનૃત અથવા નિર્ઋતિ. અરાતિથી માણસ ઘરડો થઈ નાશ પામે છે. જરસાવૃતન્ અરાત્યા (અર્થવ ૩-૩૧-૧)

અસુર એ નિર્ઋતિનો જ પ્રકાર છે. અધ્યાત્મ વિરોધી ફક્ત પ્રાણમય સત્વોને પ્રથમ અસુર કહેતા. પણ ધીમે ધીમે તેવા મનોમયસત્વોને અસુર, પ્રાણમય સત્વોને રાક્ષસ અને સૂક્ષ્મપાર્થિવ સત્વોને પિશાચ શબ્દ વપરાવા લાગ્યો.

પ્રભુનાં સંકલ્પ સાથે સંવાદી રહે તે સત્વોને 'સુર' અને વિસંવાદી રહે તેમને 'અસુર' કહેતા. અનાયુધાસો અસુર અદેવશ્ચ..... (ૠ. ૮-૯૬-૯) તેઓ સૂર્યને, આત્મતત્વને આચ્છાદિત કરે છે. વૃષ્ટિને (આત્માની કૃપા વર્ષા) અવરોધે છે. આત્મામાંથી વહેતા પ્રેરણાના પ્રવાહ રૂપી જળોને નિરોધે છે. તેમને પ્રથમ શબ્દોદ્વારા (તદઘવાચઃ પ્રથમ ૠ. ૧૦-૫૩-૪) તે પછી (ઉર્જાત્ ઉત્ યજ્ઞિયાસઃ ૠ ૧૦-૫૩-૪) આત્મશક્તિ દ્વારા અને યજ્ઞની ભાવના જીવનમાં કરીને પરાભૂત કરવામાં આવે છે.

# ધી મધર્સ એજન્ડા

(મૂળ પુસ્તક : Mind of cells - by Satprem તેના પર આધારિત) **પરમસિદ્ધિનો પંથ**

- માનસિંહ ચાવડા

# ચેતનાનું પતન

પ્રકરણ - ૧૦

**સમજૂતી** - માનસિંહ ચાવડા

Whenever I change state, I feel as if my body were suddenly encaged in rough file and wooden splinters, while it is comfortable propped up on feather pillows. - 1962-66

ઊર્ધ્વ અને વિશાલ ચેતનામાંથી નિમ્ન ચેતનામાં અવતરણ થતી વખતે તેમનું શરીર જે સંવેદનો જગાવે છે અને જે પ્રત્યાઘાતો દર્શાવે છે તેનું વર્ણન માતાજી કરે છે. ઊર્ધ્વ ચેતનામાં જ્યારે માતાજી હોય છે ત્યારે તેમની ચેતનાનું વર્ણન કરતાં તેમણે કહ્યું છે કે, "I described earlier as gentle, smooth, without angles" અર્થાત તે ચેતના સૌમ્ય, સુંવાળી અને ખૂણા - ખાંચરા વગરની અર્થાત્ આઘાત નિર્માણ ન કરનારી વર્ણવી છે. તે જાણે ખૂબજ મૃદુ સુંવાળા પિંછાંના ઓસીકે ઓઢીને નિરાંતે ફેલાઈને સૂતી છે એવું વર્ણવે છે. (comfortable, propped up on feather's pillows) નિમ્નચેતતનામાં તેથી વિરુદ્ધ ચેતના જેણે કોઈ બોક્ષમાં ફસાઈ પડી હોય (encaged) અને તે બોક્ષની અંદરની બાજુ ખરબચડી હોવાથી અસ્વસ્થ કરી મૂકતી હોય (encaged in rough file) અને તે બોક્ષમાં લાકડાંની તીક્ષ્ણ પટ્ટીથી ઉતેડાતી હોય એની (wooden splinters) સંવેદના જાગે છે. પૂર્ણયોગમાં સમગ્ર ચેતના વિસ્તારને એકબીજા સાથે સંપૂર્ણ સંવાદમાં ગોઠવવાનો હોય છે તે એક અનંત પાસાની ચેતના બની જાય છે.

નિમ્નસ્તરમાંનું પતન વધારે ને વધારે વિસંવાદ અને સંઘર્ષનો અનુભવ કરાવે છે, જે ઉપર મુજબના શારીરિક પ્રત્યાઘાતો સર્જે છે. પણ સાધનાથી આ નિમ્નસ્તરે પણ સંવાદ મયતા લાવવી જરૂરી બની જાય છે.

# યોગના મૂળ તત્ત્વો

- શ્રી અરવિન્દ

## કામવાસના - ખોરાક - નિદ્રા

પ્રકરણ - ૧૩ (પૃ. ૪૮-૫૨)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

### (બ) ખોરાક

**૦૧ ઉપવાસ કરવાથી સાધનામાં મદદ મળે ખરી ?**

ના, ફક્ત શરીરની નિરામયતા ટકાવવા તે મદદરૂપ થાય છે અને તેનો આડકતરો ફાયદો સાધનાને મળે છે.

**૦૨ અલ્પ ભોજનથી ઈન્દ્રિયો ઉપર કાબુ પ્રાપ્ત થઈ શકે ખરો ?**

ના, આથી ઉલટુ ઘણી વખત અલ્પ આહારથી નબળાઈ આવતા ઈન્દ્રિયો ઉશ્કેરાય છે અને તેમની મનોદશા અસ્તવ્યસ્ત બની જાય છે. તેઓ પોતાની ઉપરનો કાબુ ગુમાવે છે. તેથી માફકસર પ્રમાણમાં ખોરાક લેવો જ હિતાવહ છે.

**૦૩ શું ફક્ત શાકાહાર ઈન્દ્રિયો ઉપર કાબુ મેળવવામાં મદદરૂપ થાય છે ?**

ના, તેવું નથી. પણ માંસાહારથી નિર્માણ થતી અન્ય મુશ્કેલીઓમાંથી તેઓ બચી જાય છે.

### (ક) નિદ્રા

**૦૧ ઊર્ધ્વ - ચેતના પ્રાપ્ત કરેલા સાધકને શું નિદ્રા જરૂરી છે ?**

જ્યાં સુધી સમગ્ર દેહનું રૂપાંતર ન થયું હોય ત્યાં સુધી માફકસરની નિદ્રા લેવી જરૂરી છે. સમગ્ર દેહનું રૂપાંતર થયા પછી વિશ્વપ્રકૃતિમાંથી અખૂટશક્તિ મેળવી લેવાની ક્ષમતા વિકસવાથી તેને આરામ કે નિદ્રાની જરૂર નહિ પડે. તે કદાચ અલ્પકાળ યોગનિદ્રામાં શરૂઆતમાં સરી પડશે.

**૦૨ રાત્રી દરમિયાન પ્રાણ અને મન વધુ પડતા સક્રિય શા માટે બને છે ? તેમની આવી રાત્રી દરમિયાનની પ્રવૃત્તિઓ ઉપર કાબુ મેળવવાનો માર્ગ કયો ?**

રાત્રી દરમિયાન શારીરિક પ્રવૃત્તિ બંધ થતા વ્યક્તિ પ્રાણ અને મનની ગતિવિધિઓ બાબત વધુ સભાન બને છે. તેથી તેને તે પ્રવૃત્તિઓ વધી ગએલી જણાય છે. જાગૃતિ કાળમાં આ બધી પ્રવૃત્તિઓ શારીરિક પ્રવૃત્તિમાં જ ભળી જવાથી તેનું સ્વતંત્ર અસ્તિત્વ જણાતું નથી. જેમ જેમ વ્યક્તિ પોતાના આત્મા બાબત અખંડ સભાનતા કેળવતો થાય છે, તેમ તેમ મન નીરવ અને પ્રાણ શાંત બનતો જાય છે. સારાંશ પોતાના આત્માની સભાનતા દ્વારા જ આ મન, પ્રાણની પ્રવૃત્તિઓ ઉપર કાબુ મેળવી શકાય છે.

**૦૩ નિદ્રા દરમિયાન પ્રતીકાત્મક સ્વપ્નો અને ઊર્ધ્વજ્ઞાનના સંકેતો પ્રાપ્ત થવાનું કારણ શું ?**

નિદ્રામાં પ્રવેશતી વખતે આપણે એક ચેતના સ્તરથી વધુ ઊંડા સ્તરમાં પ્રવેશતા જઈએ છીએ અને અંતે ચૈત્યપુરુષમાં જઈ વિરમીએ છીએ અથવા ચેતના ઊર્ધ્વ સ્તરોમાં આરોહણ કરીને ત્યાં સ્થિર થાય છે. આ થોડીક જ મિનિટની સ્થિતિમાં પણ તમે પૂરતા પ્રમાણમાં શક્તિ - સંચય કરી લો છો જો આ બે પૈકી એક પણ સ્થિતિ ન પ્રાપ્ત થાય તો વ્યક્તિને આરામ અને શક્તિ-પૂર્તિ ન મળવાથી સવારે તે થાકેલો ઊઠે છે.

આ બે વિરામ - સ્થળોમાં પહોંચતી વખતે તે દરમિયાન તમને જે અનુભવો આવે છે તે જ પ્રતીકાત્મક સપના તરીકે પ્રગટ થાય છે. તમારો સંપર્ક ચૈત્યપુરુષ સાથે અથવા ઊર્ધ્વ-ચેતના સાથે ટકી રહે તો તમને ઊર્ધ્વજ્ઞાન પ્રાપ્ત થાય છે.

**૦૪ નિદ્રાવસ્થામાં ચૈતસિક કે ઊર્ધ્વ - ચેતનામાં જઈ આરામ કરવાનો સાચો માર્ગ કયો ?**

આમ તો આ વસ્તુઓ સભાન રીતે થતી નથી પણ સભાન રીતે કરી શકાય છે. નિદ્રા લેવાની શરૂઆતથી માંડી તે નિદ્રા દરમિયાન સભાન રહેવાનો દૃઢ સંકલ્પ અને ખંતપૂર્વકનો અભ્યાસ કરવાની જરૂર રહે છે. દિવ્ય - શક્તિઓને અવતરણ કરવાનું આવાહન કરવાથી અવચેતનનો નિદ્રા દરમિયાનનો પ્રભાવ ઘટતો જશે અને નિદ્રા હળવી સાવધ અને સ્ફૂર્તિદાયક બનશે.

**૦૫ દિવસ દરમિયાનની જમ્યા પછીની એકાદ કલાકની નિદ્રા જેટલી આરામદાયક પૂરવાર થાય છે તેટલી રાત્રીની  પાંચ છ કલાકની નિદ્રા પણ આરામદાયક બનતી નથી. તેનું કારણ શું ?**

જો દિવસ દરમિયાનની નિદ્રામાં અવચેતનમાં પ્રવેશવાની ક્રિયા ન થતી હોય અને તેથી હળવી, સાવધ અને શક્તિ સંચય કરનારી હોય અથવા ચૈત્યપુરુષ કે ઊર્ધ્વ - ચેતનાના સંપર્કમાં અવાતું હોય તો તે નિદ્રા વધુ આરામદાયક બને છે.

**૦૬ રાત્રી દરમિયાનની ઊંઘ તદ્દન સ્વપ્ના વગરની હોઈ શકે છે ?**

નિદ્રા દરમિયાન વ્યક્તિ ચેતનાની વિવિધ ભૂમિકાઓમાંથી પસાર થતો હોવાથી તેને તે દરમિયાન આવતા અનુભવો સ્વપ્નાઓ તરીકે અચૂક પ્રગટ થાય છે, પણ તેઓની નિદ્રામાં અવચેતનનો વધારે ભાર હોવાથી તેઓને પોતાની નિદ્રા ગાઢ અને સ્વપ્ના વગરની લાગે છે. તેઓ ખરેખર તો પોતાના સ્વપ્નાઓ બાબત સભાન હોતા જ નથી. તેઓ ચૈત્યપુરુષ પ્રત્યે જવાને બદલે અવચેતનની પણ નીચે અચેતનમાં પ્રવેશી જતા હોવાથી તેમને સ્વપ્નોના સંવેદનો જણાતા જ નથી.

**૦૭ શું સ્વપ્નાઓ પાછળ કોઈ સંકેત હોય છે ?**

અવચેતનના સ્વપ્નોમાં જુની સ્મૃતિઓ જ નવા રૂપોમાં ઉભરાતી હોવાથી તેમનો બહુ ઉપયોગ નથી. હા, તમારા જન્મોજન્મના ભુતકાળને જાણવા તેનો ઉપયોગ થઈ શકે છે.

બાકીના સ્વપ્નો દરમિયાન મનોમય, પ્રાણમય કે સૂક્ષ્મપાર્થિવ શક્તિઓના

સંપર્કને કારણે જે આંદોલનો આપણા મન, પ્રાણ, સૂક્ષ્મ શારીરિકમાં સર્જાય છે તે જે તે તત્ત્વના ખાસ ઘડતરો રચે છે, રૂપો રચે છે, પ્રતિકો રચે છે જે તમારી અને તે શક્તિઓ વચ્ચેના વિનિમયને તમે કઈ રીતે સ્વીકારો છો તે સૂચવે છે. ઘણી વખતે ઊર્ધ્વમાંથી આવતા આંદોલનોના કારણે જે ઘડતરો રચાય છે તે ભવિષ્યકાળની કોઈ સૂચના આપતા હોય છે. અથવા તમારી આંતરિક - ચેતનામાં રચાતી સમસ્યાનું નિરાકરણ સૂચવે છે.

૦૮ **મને સ્વપ્ન આવ્યું, અમે ઘણાં જણાં એક પર્વત ઉપર ચડી રહ્યાં હતા. બધાંની જેમ હું પણ ખૂબ જ થાકી ગયો હતો. ત્યાં કોઈ અદૃશ્ય શકિતએ મને ઉપાડી ઉપર ચડાવી દીધો. ઉપર ચડતી વખતે મેં વિવિધ પ્રકાશ-રંગના અનેક મકાનો જોયા. આનો અર્થ શું?**

આ સ્વપ્ન તમારી ચેતનાની ઊર્ધ્વ-યાત્રાને લગતું છે. તેમાં બે સાધનાપદ્ધતિ સૂચવી છે. સ્વપ્રયત્નથી આરોહણ કરવું. આ કષ્ટ પ્રદ છે. તે તમારા થાકી જવાના પ્રતીકરૂપે પ્રગટ થઈ. શ્રી માતાજીની શક્તિની મદદથી આરોહણ કરવું એ સહેલું છે. જે પ્રતીકાત્મક રીતે ઉપાડી લઈ ઉપર ચડાવી દેવાના પ્રતીકરૂપે પ્રગટ થઈ છે.

૦૯ **રાત્રી દરમિયાન આવતા ખરાબ પ્રાણમય ભૂમિકાના સ્વપ્નાઓને અટકાવવા કેવી રીતે?**

સૂતા પહેલા જાગ્રત અવસ્થામાં જ દૃઢ સંકલ્પ મૂકી કે આવા સ્વપ્ના ન આવે, પણ આ પદ્ધતિ થોડાકાળ પછી જ સફળ થતી અનુભવાય છે. બીજો રસ્તો છે નિદ્રામાં સભાન રહેવાનો પ્રયત્ન કરવો. તે પણ અભ્યાસ માંગી લે છે.

૧૦ **સ્વપ્નમાંના હુમલાથી બચવા શ્રી માતાજીનું નામસ્મરણ કરવાથી તે હુમલામાંથી આબાદ બચી જવાય છે. શું શ્રી માતાજીના નામમાં તેવી ખાસ શક્તિ છે.**

હા, નામમાં શકિત રહેલી જ હોય છે.

## શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો
- શ્રી માતાજી

# પ્રગતિ માટે સંઘર્ષ, સહયોગ જરૂરી (૮૬-૯૨)

પ્રકરણ - ૫૧
(માતૃવાણી ભા.-૧૦ - પૃ.૧૮૦-૧૮૭)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(૧) મૃત્યુએ આ જગતનું સર્જન એટલા માટે કર્યું હતું કે એમ કરીને જ એ પોતે જીવન ધારણ કરી રહે. તું શું મૃત્યુનો ધ્વંશ કરીશ ? તો તો જીવન માત્રનો વિનાશ થઈ જશે. મૃત્યુનો ધ્વંશ કરવાનું તે તારાથી નહિ બની શકે, પરંતુ તું એનું એક ઉચ્ચતર જીવનમાં રૂપાંતર કરી શકીશ ખરો (૮૬-૮૭)

(૧) આ વિશ્વનું સર્જન પોતે પ્રેમ કરી શકે તે માટે કરેલું. તું શું ક્રુરતાનો વિનાશ કરીશ ? તો તો પ્રેમ પણ નાશ પામશે. તું ક્રુરતાનો વિનાશ તો નહિ કરી શકે. પરંતુ એનું રૂપાંતર તેના ઉલટા સ્વરૂપમાં એક ઉત્કટ પ્રેમ અને આનંદ સભરતામાં કરી શકીશ. (૮૮-૮૯)

(૩) આ વિશ્વનું સર્જન અજ્ઞાન અને ક્ષતિ દ્વારા કરવામાં આવેલું, કારણ કે તેમને જ્ઞાન પામવું હતું તું શું અજ્ઞાન અને ક્ષતિનું નિવારણ કરી શકીશ ? તો તો પછી જ્ઞાન પણ નાશ પામશે. તું અજ્ઞાન અને ક્ષતિનો ધ્વંશ તો નહિ કરી શકે, પરંતુ એક ગહન અને પ્રભાયુક્ત પરપ્રજ્ઞામાં રૂપાંતર તો કરી શકશે. (૯૦)

(૪) જો એકલું જીવન જ હોત અને મૃત્યુ ન હોય, તો અમર્ત્યતા જેવું કાંઈ ન હોત; જો કેવળ પ્રેમ માત્ર હોત અને ક્રૂરતા ન હોત તો સુખાનુભવ પણ મોળો અને ક્ષણભંગુર હોત. જો કેવળ બુદ્ધિ હોત તો આપણી ઉચ્ચતમ સિદ્ધિ એક મર્યાદિત તર્કબદ્ધ જ્ઞાન અને દુનિયાદારીના ડહાપણથી વધુ કાંઈ ન હોત (૯૧)

(૫) મૃત્યુનું રૂપાંતર કર્યાથી જ અમૃતમય જીવન સંભવી શકે છે. ક્રૂરતાનું

**રૂપાંતર કર્યાથી જ એક ઉત્કટ પ્રેમ સંભવી શકે છે; અજ્ઞાનનું રૂપાંતર કરવાથી જ તે જ્ઞાન અને ડહાપણની મર્યાદાઓને વટાવીને એક જ્યોતિર્મયતાનું રૂપ ધારણ કરે છે. (૯૨)**

* * * *

બધાં સૂત્રો એ જ જણાવે છે કે સંઘર્ષ અને સહકાર, વિરોધ અને સહયોગ દ્વારા જ પ્રગતિને પ્રોત્સાહન મળે છે. પાર્થિવતત્વને ગુંદવાનું કામ, નમનીય કરવાનું કામ આ તત્વો કરે છે.

ખરેખર તો પ્રેમતત્વ આવિર્ભાવ પામેલું અને અવ્યક્ત જગતની પેલેપાર પણ છે. તેનો ક્રૂરતા સાથે કોઈ સંબંધ નથી. શાશ્વત અને પરમ-પ્રેમના તત્વના સંબંધમાં આવતા જ પ્રથમ સંવેદન એ જ જણાય છે કે પાર્થિવ તત્વ વધુમાં વધુ આલોકિત કરવા છતાં તેને અભિવ્યક્ત કરવામાં પોતાને અસહાય સમજે છે. પછી એવા સંવેદનો જાગે છે કે તત્વો ભૌતિક જગતની પ્રેમ વગેરેની અજ્ઞાનમય વિકૃત વસ્તુઓના તદ્દન પ્રખર રીતે વિરોધમાં આવી તેને નષ્ટ કરવા ચાહે છે. આના સંવેદનો ક્રૂરતાને મળતા આવતાં હોવા છતાં આ ખરેખર આપણે જગતમાં જેને ક્રૂરતા કહીએ તે નથી હોતી.

તેને કારણે આપણામાંના સંવેદનશીલ ભાગો પેલા દિવ્યપ્રેમ પ્રત્યે વળીને પોકાર કરે છે, સાદ પાડે છે. તેથી તે તત્વની મર્યાદાઓ ખરી પડીને પરમ-પ્રેમ વરસી પડે છે. સંઘર્ષ અને સહયોગ વગર આ વસ્તુ શક્ય ન બનત.

મૃત્યુ બાબત તેમ જ છે. સાવિત્રીમાં જણાવ્યા મુજબ આપણે સતત મૃત્યુનો ડર પોતાની સાથે જ લઈને ફરતા હોઈએ છીએ. ત્યારે આપણા કોષાણુમાં શાશ્વતી માટેનો પોકાર ઉઠે છે.

જીવન એ હજી અપરિપકવ અવસ્થામાંની આવિર્ભાવ પ્રક્રિયા છે. તેના વિકાસ સાથે સ્થૂળ અને ગ્રામ્ય વસ્તુઓ ખરી પડશે અને તેને સ્થાને સૂક્ષ્મ અને વિકસિત વસ્તુઓ ગોઠવાઈ જશે.

સારાંશ પ્રગતિ કરવા મૃત્યુ દુઃખ, ક્રૂરતાની જરૂર નહિ રહે ત્યારે તે પોતાની મેળે ખરી પડવાનાં છે.

જડ સૃષ્ટિને જડતમાંથી બહાર ખેંચી કાઢવા જ મૃત્યુ દુઃખ ક્રૂરતા જેવા સાધનો પ્રકૃતિએ જ યોજેલાં છે તેને કારણે ભૌતિક જગતમાં તમને ગૂંચવણો, દુર્વ્યય, અણસમજ, ગેરસમજ, ગોટાળાઓ, અવ્યવસ્થા દેખાય છે. વેદોમાં આ બધાને 'વક્રતા'ના પ્રકારો ગણાવેલાં છે. જાણે મરડાએલી વસ્તુ છે. તે મરડાશ નિકળી જશે એટલે સંવાદપૂર્ણ સરળતા, દૈવી સરળતા સ્થપાશે.

આપણે આપણા વ્યક્તિ સ્વરૂપને સરળ બનાવવું પડશે. પ્રકૃતિની પ્રક્રિયાઓ વૈજ્ઞાનિકોને ઘણી જ ગૂંચવણભરી લાગે છે. મનો વૈજ્ઞાનિકને વ્યક્તિ ચેતનાનાં કાર્યો ઘણા જ ગૂંચવણભર્યા લાગે છે.

તે બધાંને આત્માના પ્રકાશ પ્રત્યે ખુલ્લાં કરવાથી જ સરળતા આવે છે. પણ શરૂઆતમાં પ્રકૃતિને આ ગૂંચવણોના વિરોધાભાસો જ ગતિને મદદરૂપ બનેલાં.

ભાવિમાં સંકુલતા પણ સરળતાની ઉચ્ચકક્ષા બની જશે. તેમાં વિવિધતા છતાં સંવાદમયતા હશે.

પણ આ માટે તીવ્ર અભીપ્સા અને ખુલ્લાપણાની માંગણી કરવામાં આવે છે. સરળતા લાવવાના પ્રયત્નો જ ક્રૂરતાને પ્રેમમાં અને મૃત્યુને દિવ્ય-જીવનમાં રૂપાંતરિત કરી નાખશે.

ફક્ત ફરિયાદ કરતા બેસી રહેવાથી નહિ ચાલે. તે સાચો ઉકેલ નથી.

આપણે આ વસ્તુ વેળાસર બની રહે તેવા પ્રયત્નો જરૂર કરવા જ જોઈએ.

માતાજીએ જણાવેલું છે કે તેમની વાત જ સત્ય પુરવાર થશે પણ તેઓ તે વસ્તુ વૈજ્ઞાનિક શબ્દપ્રયોગોમાં અભિવ્યક્ત નથી કરતાં, એથી લોકો તે વસ્તુ હાલમાં માન્ય નહિ કરે.

# અફવાઓની આફત

પ્રકરણ - ૨૩

એક જંગલમાં બીલીવૃક્ષ નીચેની બખોલમાં એક બીકણ સસલું રહે. તે એક રાત્રે બખોલમાં સુતું હતું. ત્યાં ઉપરથી એક બિલું પડ્યું અને નીચે પછડાઈને ફટાક દઈને ફાટ્યું. સસલાને લાગ્યું ધરતી ફાટી. તેથી તે જીવ લઈને નાઠું. તેણે રસ્તામાં હરણને કહ્યું. હરણે રીંછને, રીંછે વરુને, વરુએ હાથીને, હાથીએ વાઘને, બધાં અફવાથી ડરી ભાગવા માંડ્યા.

આ વાતની સિંહને ખબર પડી. તેણે બધાંને પૂછતાં પૂછતાં જાણ્યું કે વાત સસલાએ વહેતી કરી છે. સસલાને સિંહે કારણ પૂછતાં સસલાએ ફાટવાના અવાજની વાત કરી. સિંહે જાતે તપાસ કરવાનું ઠરાવ્યું. તે સસલા સાથે તે બિલીના વૃક્ષ નીચે આવ્યો. બીલુના બે ફાડીયા પડેલા જોઈને વાત સમજી ગયો. તેણે બધાં પ્રાણીઓને સાચી વાત કરી.

અફવાની ચકાસણી કરો પછી જ વિશ્વાસ રાખો.

## પ્રાસંગિક

- હર્ષદ ઠકરાર

# નૂતન જન્મ

- શ્રી માતાજી

(સાભાર - ઓરોમા - ૨૬, ૯-૯-૯૯)

**દિવ્ય હાજરી : શાંત અને પ્રકાશિત, જ્ઞાન અને પ્રેમસભર; તમારા પોતાના અસ્તિત્વના ઊંડાણમાં, છાતીની અંદર ઊંડે, સનાતન રહેલી હોય છે. તે ત્યાં છે, કે જેથી તમે તેની સાથે અદ્વૈત સાધી શકો અને તે તમને એક પ્રકાશિત અને તેજસ્વી ચૈતન્યમાં રૂપાંતરિત કરી શકે.**

**તમે અને હું, સાથે મળી, તમારા અસ્તિત્વની સપાટી પરના તમામ બાહ્ય ઘોંઘાટને શાંત કરવા પ્રયત્ન કરીશું કે જેથી એ નિરવ શાંતિમાં તમે આ આંતરિક ઓજસ સાથે અદ્વૈત સાધી શકો.**

**ત્યાર પછી તે દિવસ તમારા નૂતન જન્મનો દિવસ બની રહેશે.**

*****- શ્રી માતાજી (cwm-vol-17-272)**

..... તમારે જુદા વિશ્વમાં દાખલ થઈ જવાનું છે. જ્યાં સુધી તમારા મનને તમે વાસ્તવિક માનો છો; તમારી વિચારસરણીને સાચી, વાસ્તવિક અને સઘન માનો છો; ત્યાં સુધી તમે ત્યાં પહોચ્યા નથી એ વાત સિદ્ધ થાય છે. સૌ પ્રથમ તમારે એક જુદી અવસ્થામાં સ્થિત્યંતર પામવાનું છે. ત્યાર પછી હું તમને જે કહું છું તે તમે સમજી શકશો.

જુદી અવસ્થામાં સ્થિત્યંતર સાધી લો.

કોઈ ધીમે ધીમે આ સમજતું થઈ શકે એ સાચું નથી. આ પ્રકારની પ્રગતિ ભિન્ન છે. વધુ સાચું તો એ છે કે ઈંડામાં રહેલા બચ્ચાની જેમ માનવ એક કોચલામાં પૂરાઈ રહેલો હોય છે અને અંદર કશુંક બનતું રહે છે. અંદર એની તૈયારી ચાલતી હોય છે, એ તેની અંદર હોય છે. કોઈ એને દેખતું નથી. કોચલામાં કશુંક બની રહ્યું હોય છે. પણ બહારથી કોઈને કશું દેખાતું નથી. અને પછી જ્યારે બધું તૈયાર થઈ

જાય છે ત્યારે કોચલાને ભેદવાની અને દિવસના પ્રકાશમાં જન્મવાની શક્તિ પ્રાપ્ત થાય છે.

એવું નથી કે માનવ ધીમે ધીમે વધુ ઇન્દ્રિયગમ્ય અથવા તો દૃષ્ટિગોચર બને છે : તે તો અંદર પુરાઈ ગયેલો હોય છે - બંધ - અને સંવેદનશીલ વ્યક્તિને તો સંકડાશની, ભીંસની, અકળાવનારી લાગણી અનુભવાય છે. એને લાગે છે કે એ કોચલાની બહાર નીકળવા મથે છે અને સામે ભીંત આડી આવે છે અને પછી તે એને ઠોકે છે, ખખડાવે છે, ફરી ખખડાવે છે પરંતુ બહાર નીકળી શકતો નથી.

અને જ્યાં સુધી માનવ ત્યાં અંદર હોય છે, ત્યાં સુધી તે અજ્ઞાનમાં - અસત્‌માં - હોય છે અને માત્ર જે દિવસે દિવ્ય કૃપાથી પોતે કોચલું તોડી નાંખી શકે છે અને બહાર પ્રકાશમાં આવી શકે છે ત્યારે તે મુક્ત બને છે.

આ અણચિંતવ્યું, આપમેળે અને ખૂબ અનપેક્ષિત રીતે બની શકે છે.

મને એમ નથી લાગતું કે કોઈ ધીમે ધીમે તેમાંથી પસાર થઈ શકે. મને એમ પણ નથી લાગતં કે આ કોચલું એવું છે કે જે ધીમે ધીમે ત્યાં સુધી ઘસાતું જાય કે તેની આર પાર કોઈ જોઈ શકે. એવો કોઈ પ્રસંગ હજુ સુધી મને જોવા મળ્યો નથી. ઉલટાનું ત્યાં અંદર તો એક પ્રકારે શક્તિનો સંચય થાય છે, બહાર નીકળવાની જરૂરિયાત વધુ તીવ્ર બનતી જાય છે અને પ્રયત્નમાં એવી ધીરતા આવે છે કે જે તમામ ભયથી, તમામ ચિંતાથી, તમામ ગણતરીથી મુક્ત બની જાય છે, એ જરૂરિયાત એવી તો અનિવાર્ય હોય છે કે માનવ તેના પરિણામની દરકાર પણ કરતો નથી.

તે તો જેને કશું પણ અવરોધી શકે નહિ તેવા વિસ્ફોટક જેવો બની જાય છે અને પોતાની જેલ તોડી તે પ્રકાશના ઝળહળાટમાં આવી જાય છે.


ત્યાર બાદ માનવનું ફરી કદી તેમાં પતન થતું નથી.

આ સાચે જ એક નૂતન જન્મ હોય છે.

(કલેકટેડ વર્કસ ઓફ ધી મધર - ગ્રં.૯, પૃ.૧૩૫-૩૬ મૂક્ત ભાવાનુવાદ)

**૨૦૧૫ના નૂતન વર્ષ નિમિત્તે આપણે સૌ સાધકો નવ જન્મ પામીએ એવી કરુણામયી માને અભ્યર્થના.....**

**- મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર પરિવાર**



# શ્રી અરવિંદ

Thus came his souls release from Ignorance,
His mind and body's first spiritual change.
A wide God-knowledge powred down from above,
A new world-knowledge broadened from within:
His daily thoughts looked up to the True and One,
His commonest doings welled from an inner Light.

Shri Auribindo (Savitri - B-1, C-3, P.-44)

## પ્રથમ ચૈતસિક રૂપાંતરના પરિણામ

આ રીતે આત્માને મળી, અજ્ઞાનથી અતિ દુર્લભ,
તન મન તેનું રૂપાંતર પ્રથમ, પામ્યું અંતે દુષ્કર.
ધર્મ-કલ્પના પ્રભુ તણી, ખરી પડી તત્કાળ,
અસીમ નિરાકાર પ્રભુ તણી, પ્રકાશમય અનુભૂતિ વિશાળ.
ને બન્યું આવિર્ભાવ પ્રભુ તણું, જગત સ્વયં પ્રભુ સ્વરૂપ,
પ્રભુને અનુકૂળ કર્મો થયાં, ને વિચાર ભાવ પણ અનુરૂપ.
સામાન્ય કર્મ પણ પ્રભુ પ્રેરિત બન્યું, આંતર પ્રકાશ છલકાય,
પ્રભુરૂપ બની તે વિચરતો, આ જગતની જાણ બહાર.

Registration of News Paper No. GUJGUJ/2013/48361 Postal Reg. No. RAJKOT-303/2012-2014
Price : Rs. 15/- Annaul Subscription : Rs. 150/- 1st of Every Month at Rajkot RMS - Langauge : GUJARATI

# નૂતનવર્ષનું વિજયી પ્રસ્થાન

અતિમનસનું અવતરણ વધે, ક્ષણેક્ષણે પ્રતિદિન,
વિપત્તિઓ આવે ઘણી, પણ નિવારણ થાએ ખચિત.

પણ બે સહકાર આવશ્યક ગણ્યો, વૈયક્તિક ને વૈશ્વિક.
બધાં કોષો પ્રકાશ પ્રતિ વળે, ને ધારણ કરે વ્યવસ્થિત.

દિવ્ય દેહ સર્જન કરે, ને દિવ્યચેતનાની ધારણા અકબંધ,
આ વ્યક્તિગત સહકાર ગણ્યો, ને વૈશ્વિક વિકસે અતિ મંદ.

માનવજાતને સમજાવવી, આ યોગપદ્ધતિ સ્પષ્ટ,
શંકાઓનું સમાધાન કરી, વાળવા સાધના પ્રતિ અવિરત.

અંતિમ શ્વાસ તણું એ વ્રત ગણી, ટીકાઓ સહે અવિકાર,
આ રીતે ભૂમિકા રચી, જ્યારે માનવજાતનો મળે સહકાર.

ત્યારે વૈશ્વિક-સહકાર ફળે, ને અતિમનસનું મંડાણ,
ભૂતળે નિશ્ચિત બને, ને નવી યોનિનું પ્રસ્થાન.

નૂતન વર્ષનો આ સંકલ્પ હો, સમગ્ર માનવજાત સહિત,
વિજયી પ્રસ્થાન બનો, ને પ્રભુ સંકલ્પની જીત.

**ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રનાં પ્રકાશનો**

**સહજ સત્સંગ માસિક**
www.motherandsriaurobindo.org>E-Library>Magazines>SahajSatsang(Gujarati)
www.aurogujarat.com>Journals & Ebooks>Sahaj Satsang

**પુસ્તકો**
www.motherandsriaurobindo.org>centers>India>Gujarat>Rajkot

E-mail ID : sahajsatsang@gmail.com

સહજ સત્સંગ (માસિક) તંત્રી : માનસિંહ કે. ચાવડા, પ્રકાશક : કમલેશ સી. માંડવીયા, મુદ્રક : લલિત એચ. ઉપાધ્યાય, માલિક : મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ, પ્રકાશન સ્થાન : સહજ સત્સંગ કાર્યાલય, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫ ગુજરાત, મુદ્રણ સ્થાન : લા મેર પ્રિન્ટરી, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫. ગુજરાત